અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ જાન્યુઆરી ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ ચૌદસ

વર્ષ : ૧૫
અંક : ૧૭૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### શેરબજારના કામકાજમાં ભારે નબળાઈ બજારમાં કડાકો । રોકાણકારોના ૮ લાખ કરોડનું ધોવાણ

# સેન્સેક્સમાં ૧૦૫૩ અને નિફ્ટીમાં ૩૩૩ પોઈન્ટનું ગાબડું

### પ્રોફિટ બુકિંગના કારણે રેલવેના શેરમાં ૧૬ ટકા સુધીની નબળાઈ, મ્યુચ્યુઅલ ફંડ્સ અને એફઆઈઆઈએ ઝોમેટો સહિત ચાર નવા યુગની ટેક કંપનીઓમાં તેમનો હિસ્સો વધાર્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ૧૦૫૩ પોઈન્ટની નબળાઈ સાથે ૭૦૩૭૦ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૩૩ પોઈન્ટ ઘટીને ૨૧,૨૩૮ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. મંગળવારે સોનું ૧૮૭ રૂપિયાના વધારા સાથે ૬૨૦૫૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તર પર કારોબાર કરી રહ્યું હતું. મંગળવારે પ્રોફિટ બુકિંગના કારણે રેલવેના શેરમાં ૧૬ ટકા સુધીની નબળાઈ નોંધાઈ હતી. આ સાથે, મ્યુચ્યુઅલ ફંડ્સ અને એફઆઈઆઈએ ઝોમેટો સહિત ચાર નવા યુગની ટેક કંપનીઓમાં તેમનો હિસ્સો વધાર્યો છે. શેરબજારના કામકાજમાં ભારે નબળાઈ વચ્ચે મંગળવારે પીએસયુના શેરમાં ભારે ઘટાડો નોંધાઈ રહ્યો હતો.



કોલ ઈન્ડિયા, ઓએનજીસી, એસબીઆઈ લાઈફ, બીપીસીએલ અને એસબીઆઈના શેર શેરબજારના ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા. મંગળવારે ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૬.૩૩ ટકાની નબળાઈ નોંધાઈ રહી હતી. શેરબજારના ટોપ ગેનર્સની વાત કરીએ તો, તેમાં સન ફાર્મા, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, ડૉ. રેડ્ડીઝ, હીરો મોટોકોર્પ અને એપોલો હોસ્પિટલના શેરનો સમાવેશ થાય છે.

શેરબજાર ઈન્ડેક્સની વાત કરીએ તો નિફ્ટી મિડકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૩ ટકાથી વધુ ઘટીને ૪૬૫૯૦ ના સ્તર પર આવી ગયો હતો. બીએસઈ સ્મોલ કેપ ૨.૮૩ ટકાની નબળાઈ સાથે કામ કરી રહી હતી. નિફ્ટી આઈટી, નિફ્ટી બેંક, નિફ્ટી ઓટો, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસ ઈન્ડેક્સમાં નબળાઈ હતી જ્યારે નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ સારો દેખાવ કરી રહ્યો હતો. મંગળવારે શેરબજારમાં ભારે વેચવાલી નોંધાઈ હતી અને રૂ.૮ લાખ કરોડની મૂડી ઘટી હતી. મંગળવારે શેરબજારના રોકાણકારોની મૂડીમાં ૮ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. બીએસસીમાં લિસ્ટેડ શેર્સની માર્કેટ કેપ રૂ. ૩૬૬ લાખ કરોડ રહી હતી. વૈશ્વિક બજારમાં પોઝિટિવ મોમેન્ટમના અભાવે બેંક, ઓઈલ અને ગેસ શેરોમાં નબળાઈ નોંધાઈ હતી. જોકે ફાર્મા અને આઈટી શેરોમાં ખરીદારી જોવા મળી હતી. મંગળવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને એચડીએફસી બેંકના શેરમાં નબળાઈને કારણે નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો હતો. કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબી ૧ ફેબ્રુઆરીથી વિદેશી રોકાણકારો માટે માલિકીના નિયમો કડક બનાવવા જઈ રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં ભાજપના કાર્યાલયોના ઉદઘાટનમાં મોટા નેતાઓને જવાબદારી સોંપાઈ

। ગાંધીનગર, તા.૨૩ ।

આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓ ભાજપે શરૂ કરી દીધી છે, આ અંતર્ગત હવે ગુજરાત બીજેપીએ કમર કસવાનું શરૂ કર્યુ છે, આજથી ગુજરાતમાં તમામ ૨૬ લોકસભા બેઠકો જીતવા માટે કવાયત શરૂ કરાઈ છે, આજથી તમામ ૨૬ લોકસભા ચૂંટણી માટેના કાર્યલયોનું ઉદઘાટન કરવામાં આવશે. ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા આજે અમદાવાદ પહોંચ્યા છે, આ પહેલા અમદાવાદ એયરપોર્ટ પર જે.પી.નડ્ડાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેઓ આજે લોકસભાની તમામ ૨૬ બેઠકોના મધ્યસ્થ કાર્યાલયનું ઉદઘાટન કરશે. ઉદઘાટનનેલઈને ભાજપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ વાત છે કે, ગુજરાતમાં લોકસભા ચૂંટણીને લઈને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે મોટો સંકલ્પ આપ્યો છે. ગુજરાતમાં તમામ કાર્યાલયોના ઉદઘાટનમાં મોટા નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. સરકારના મંત્રી, પ્રદેશ ભાજપના નેતાઓને આ તમામ જવાબદારી સોંપાઈ છે. સાંસદો, પૂર્વ સાંસદો, એમએલએપણ કાર્યાલય પર હાજર રહેશે. તમામ ૨૬ બેઠકોના કાર્યાલયની ઉદઘાટનની જવાબદારી સોંપાઈ છે. કચ્છમાં પ્રફુલ પાનસેરીયા કાર્યાલયના ઉદઘાટનમાં હાજર રહેશે.

### ભૂકંપનું કેન્દ્ર નેપાળ-ચીન સરહદ નજીક હોવાનું કહેવાય છે

# દિલ્હી-NCRમાં ભૂકંપના આંચકા, રિક્ટર સ્કેલ પર ૭.૧ની તીવ્રતા

### ભૂકંપના આ આંચકા લાંબા સમય સુધી અનુભવાયા હતા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ માપવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ હોવાનું કહેવાય છે. ભૂકંપનું કેન્દ્ર નેપાળ-ચીન સરહદ નજીક હોવાનું કહેવાય છે. ભૂકંપના આ આંચકા એટલા જોરદાર હતા કે ઘણા વિસ્તારોમાં લોકો ડરીને ઘરની બહાર નીકળી ગયા હતા. ચીનમાં ભૂકંપ બાદ અનેક વખત આફ્ટરશોક્સ અનુભવાયા હતા. તેમની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ સુધી માપવામાં આવી છે. સોમવારે ફરી એકવાર દિલ્હી અને દ્રઝઈમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આ આંચકા લાંબા સમય સુધી અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર નેપાળ-ચીન સરહદ નજીક હોવાનું કહેવાય છે. ભૂકંપના આ આંચકા એટલા જોરદાર હતા કે ઘણા વિસ્તારોમાં લોકો ડરીને ઘરની બહાર નીકળી ગયા હતા. ચીનની સત્તાવાર સમાચાર એજન્સી સિન્હુઆએ જણાવ્યું હતું કે મંગળવારે વહેલી સવારે ચીનના પશ્ચિમ શિનજિયાંગ ક્ષેત્રના દૂરના ભાગમાં ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. સ્થાનિક સમય અનુસાર સવારે ૨ વાગ્યા પછી અક્સુ પ્રાંતના વુશુ કાઉન્ટીમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપ બાદ અનેક વખત આફ્ટરશોક્સ અનુભવાયા હતા. તેમની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૫ સુધી માપ વામાં આવી છે. યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું કે ભૂકંપ તિયાન શાન પર્વતમાળામાં આવ્યો હતો. છેલ્લી સદીમાં આ પ્રદેશમાં સૌથી મોટો ધરતીકંપ ૧૯૭૮ માં મંગળવારના પ્રારંભિક કલાકોમાં ઉત્તરમાં લગભગ ૨૦૦ કિલોમીટર દૂર ૭.૧ તીવ્રતાનો ભૂકંપ હતો. પાડોશી દેશો કિર્ગિસ્તાન અને કઝાકિસ્તાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પૃથ્વીની અંદર સાત ટેક્ટોનિક પ્લેટો છે. આ પ્લેટો સતત ફરતી રહે છે.

### સવારે ૩ વાગ્યાથી દર્શન કરવા માટે મોટી સંખ્યામાં એકઠા થવા લાગ્યા

# પ્રાણ પ્રતિષ્ઠા બાદ પ્રથમ સવારે અયોધ્યામાં રામ મંદિર બહાર ભક્તોની ભારે ભીડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પછીની પ્રથમ સવારે ભક્તો શ્રીરામ મંદિરના મુખ્ય દ્વાર પર સવારે ૩ વાગ્યાથી શ્રી રામલલાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં એકઠા થવા લાગ્યા હતા. આજથી રામલલા ભક્તોને દર્શન આપશે. આજથી રામ મંદિરના દરવાજા તમામ ભક્તો માટે ખુલશે. ભક્તો ગર્ભગૃહમાં બેઠેલી મૂર્તિની સાથે નવી મૂર્તિના પણ દર્શન કરી શકશે. જો ભીડ વધશે તો રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દર્શનનો સમયગાળો લંબાવશે. અસ્થાયી મંદિરમાં બિરાજમાન રામલલાના દર્શન ૨૦ જાન્યુઆરીની સવારથી બંધ કરી દેવામાં આવ્યા હતા. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારીઓને આખરી ઓપ આપવાના હેતુથી ટ્રસ્ટે આ



નિર્ણય લીધો હતો. દરમિયાન રવિવારે રાત્રે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રામલલાની મૂર્તિ નવા મંદિરમાં સ્થાપિત કરવા માટે પૂજારીઓને સોંપી હતી. નવી મૂર્તિની સ્થાપના બાદ મંગળવારથી તમામ ભક્તો રામ મંદિરમાં બંને મૂર્તિઓના દર્શન કરી શકશે. સવારે સાત વાગ્યાથી દર્શન શરૂ થશે અને સાડા અગિયાર વાગ્યા સુધી દર્શન કરી શકાશે. આ પછી બપોરે ૨ વાગ્યાથી સાંજના ૬.૩૦ વાગ્યા સુધી દર્શન કરી શકાશે.

### અમેરિકાના શિકાગોમાં ફરી ગોળીબારની ઘટના

# શિકાગો નજીક બે સ્થળો પર ગોળી મારીને સાતની હત્યા

। (એજન્સી) શિકાગો, તા.૨૩ ।

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની ઘટના બની છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમેરિકાના શિકાગો નજીક બે જગ્યાએ સાત લોકોની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. હાલ પોલીસ ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર ઘટનાની તપાસ કરી રહી છે. અમેરિકાના શિકાગોમાં બે જગ્યાએ સાત લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. મૃતકો એક જ પરિવારના હોવાનું માનવામાં આવી રહ્યું છે. આ ઘટના ઈલિનોઈસ રાજ્યમાં શિકાગો નજીક સ્થિત જોલિએટ માં બની હતી. સોમવારે પોલીસે જણાવ્યું હતું કે બે ઘરની અંદર સાત લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચીને સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી. હાલ પોલીસ હુમલાખોરને શોધી રહી છે. આ ઘટના અંગે વિગતે સ્થાનિક પોલીસે વિગતે જણાવતા કહ્યું કે 'અમને હજુ સુધી ગોળીબાર કરવાના કારણ વિશે કોઈ માહિતી મળી નથી, પરંતુ એવી સંભાવના છે કે પીડિતો એક જ પરિવારના સભ્યો હતા. આ મામલે જોલિએટ પોલીસ ચીફ વિલિયમ ઈવાન્સે જણાવ્યું કે સ્થાનિક શેરિફના ડેપ્યુટીઓ અને એફબીઆઈની ટીમોની આ ઘટનામાં મદદ લેવામાં આવી છે.

### પાકિસ્તાન દુનિયામાં પાછળ રહી ગયું છે, તેને પાટા પર લાવવું સરળ નથી : નવાઝ શરીફ

। નવી દિલ્હી, તા.૨૩ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન મુસ્લિમ લીગના વડા નવાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાનની આર્થિક વ્યવસ્થાને પાટા પર લાવવી મુશ્કેલ છે. નવાઝનું આ નિવેદન એવા સમયે આવ્યું છે. જ્યારે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી અને પાકિસ્તાન મુસ્લિમ લીગ (PML) સહિત અન્ય પાર્ટીઓ ચૂંટણી પ્રચાર કરી રહી છે. ૨૪ કરોડની વસ્તી ધરાવતા દેશની જનતાને રીઝવવા માટે પાકિસ્તાનના નેતાઓ જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. નવાઝ શરીફ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના માનસેહરા શહેરમાં એનએ-૧૫ પર ચૂંટણી લડી રહ્યા છે.






ન્યુઝ બોક્ષ

## સુરતના હીરાના વેપારીએ ૧૧ કરોડનો મુકુટ દાન કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

૫૦૦ વર્ષોથી જે ઘડીની રાહ જોવાઈ રહી હતી તે ઘડી ગઈ કાલે પૂર્ણ થઈ. અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ સંપૂર્ણ થઈ ચૂક્યો છે અને રામલલા પોતાના જન્મસ્થાન પર બિરાજમાન થઈ ગયા છે. સંધ્યા સમયે દેશવાસીઓએ ભગવાન રામના પુનરાગમનની ઉજવણી કરતા 'દિપ' પ્રગટાવીને 'દિવાળી'ની ઉજવણી કરી હતી. ૫૧ ઈંચની મૂર્તિની પ્રથમ ઝલક ખૂબ જ મનમોહક છે. રામલલાની મૂર્તિને માથાથી પગ સુધી આભૂષણોથી સજાવવામાં આવી છે. હાથોમાં સોનાનું ધનૂષ-બાણ છે તો માથું ચાંદી અને લાલ તિલકથી સુશોભિત છે. અનેક ભક્તો ભગવાન રામને કિંમતી વસ્તુઓ અર્પણ કરી રહ્યા છે. કોઈ એક કિલો સોનું દાન કરી રહ્યા છે તો કોઈ સોનાનો મુગટ દાન કરી રહ્યા છે. ગુજરાતમાંથી સુરતના હીરા વેપારી પણ આ લિસ્ટમાં સામેલ છે.

## હિંદુસ્તાન પેન્સિલ્સની ૬૫ વર્ષે પણ નવીનીકરણ સાથે આગેકૂચ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ઘરે ઘરે ઉપયોગમાં લેવાતી સુપ્રસિદ્ધ અપ્સરા અને નટરાજ બ્રાન્ડ્સ વાળી હિન્દુસ્તાન પેન્સિલ, સ્ટેશનરી ઉદ્યોગમાં સૌથી પ્રતિષ્ઠ કંપની છે. ૬૫ વર્ષોમાં આ અદભુત પ્રવાસમાં આ કંપની એમના ગ્રાહકોને સૌથી શ્રેષ્ઠ સ્ટેશનરી આપે છે. અને સમયની માંગને ધ્યાનમાં રાખીને નવા ઉત્પાદનો શોધીને બનાવવા માટે પ્રખ્યાત છે. ૧૯૫૮ માં સ્થાપિત હિન્દુસ્તાન પેન્સિલ પોતાના સાડા છ દાયકાથી સૌથી ઉચ્ચગુણવત્તા વાળા ઉત્પાદનો આપવા માટે ખૂબ જ પ્રતિબધ્ધતાની સાથે કામ કરતું આવ્યું છે ભારતના બે તૃતીયાંશ શિક્ષિત જનતાએ ક્યારેક ને ક્યારેક અપ્સરા અને નટરાજની પેન્સિલો અને અન્ય ઉત્પાદનોનો વપરાશ કર્યો જ હશે.નટરાજ અને અપ્સરા બંને બ્રાન્ડ્સ તેજીથી બદલાતા ગ્રાહકોની જરૂરિયાતો પર હંમેશા નજર રાખે છે. અપ્સરાની ઈકોફ્રેન્ડલી પહેલ, જેમકે સોયાબીન તેલમાંથી બનેલી અપ્સરા સોયાફન ક્રેયોન્સ, પર્યાવરણ પ્રત્યે જાગૃતાનું એક ઉદાહરણ છે. અપ્સરાની ડિઝની પેન્સિલ શ્રેણી યુવા વિદ્યાર્થીઓ અને ડિઝની ઉત્સાહીઓમાં એક ભાવનાત્મક જોડાણ સ્થાપિત કરે છે. નટરાજનીનટરાજ ફ્લુરો પેન્સિલ અને જેલિક્સ જેલ પેન જેવા ઉત્પાદનો વિદ્યાર્થીઓથી લઈને વ્યવસાયિક જરૂરિયાતોને પૂરા કરે છે. બંને ઉત્પાદનો ગુણવત્તા થી ભરપૂર છે.નટરાજના ડાબા હાથના શાર્પનર ડાબા હાથની વ્યક્તિની વિશિષ્ટ જરૂરિયાતોને પુરા કરે છે.

### રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે,

# ૪૯% ભારતીયો હજુ પણ પડોશીઓને જ ઘરની ચાવી આપવાનું સુરક્ષિત સમજે છે

### લગભગ અડધા ઉત્તરદાતાઓ (૪૬%) એ જણાવ્યું હતું કે, તેઓ પરિવારના સભ્ય માટે ચાવીને તેમના પાડોશીને સોંપવામાં આરામદાયક અનુભવ કરે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

પરંપરાગત રીતે ભારતીયો હંમેશા વિવિધ બાબતો માટે પોતાના પડોશીઓ પર આધાર રાખવા માટે જાણીતા છે અને તેમાંનું એક પાસું છે મુખ્ય દરવાજાની વધારાની ચાવી પાડોશીને સોંપવી. જોકે, ગુનાખોરીના વધેલા પ્રમાણ વચ્ચે બદલાતા સંજોગોમાં - શું હજુ પણ આ સૌથી સલામત વિકલ્પ છે? આ સવાલના જવાબ માટે હવે ગોદરેજ લૉક્સે તાજેતરમાં 'લીવ સેફ, લીવ ફ્રીલી' નામે એક સંશોધન અભ્યાસ પૂર્ણ કર્યો છે. ગોદરેજ ગ્રૂપની અગ્રણી કંપની, ગોદરેજ એન્ડ બોયસેના બિઝનેસ યુનિટ, ગોદરેજ લૉક્સે હોમ સેફ્ટી ડે નિમિત્તે તેમની વાર્ષિક પહેલના ભાગ રૂપે આ અભ્યાસ કર્યો હતો. જેનો ઉદ્દેશ્ય ભારતીય ગ્રાહકો પોતાના ઘર સુરક્ષા માટેની પસંદગીઓને અપગ્રેડ કરવા માટે શું વિચારે છે તે અંગે અનોખી રીતે નિરીક્ષણ કરવાનો હતો. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, અભ્યાસમાં ભાગ લેનારા લગભગ અડધા જેટલા (૪૯%) લોકોએ જણાવ્યું હતું કે, જો તેઓ કામ કરતા માતા-પિતા હોય તો તેઓ તેમનું બાળક ઘરની અંદર રહી શકે તેની ખાતરી કરીને ઘરની વધારાની ચાવી પડોશી, સંબંધી કે પછી પરિવારના સભ્યને સોંપે છે. તેવી જ રીતે, અડધાથી વધુ (૫૬%) લોકોએ જણાવ્યું હતું કે, તેઓ ચીજવસ્તુઓની ડિલિવરીમાં સુવિધા રહે તે માટે પોતાના પાડોશીઓને ચાવી સોંપે છે. લગભગ અડધા ઉત્તરદાતાઓ (૪૬%) એ જણાવ્યું હતું કે, તેઓ પરિવારના સભ્ય માટે ચાવીને તેમના પાડોશીને સોંપવામાં આરામદાયક અનુભવ કરે છે. પછી ભલે સમય મોડી રાતનો હોય, જ્યારે ચોથા ભાગથી વધુ (૨૬%) એ દાવો કર્યો હતો કે, જો ઘરમાં તાળું હોવાને કારણે જો તેઓ ઘરની બહાર રહી જાય છે તો તેની પાછળનું કારણ એ હોય છે કે, વધારાની ચાવી સોંપી હોય તે પાડોશી પોતાના ઘરે ન હતો. ગોદરેજ લૉક્સ એન્ડ આર્કિટેક્ચરલ ફિટિંગ્સ એન્ડ સિસ્ટમ્સના બિઝનેસ હેડ શ્યામ મોટવાણીના જણાવ્યા અનુસાર, ''પહેલાના સમયમાં મોટાભાગના સમુદાયોમાં પોતાના પડોશીઓ સાથે સારી રીતે પરિચય હોવો એક નિયમ સમાન બાબત હતી. આટલું જ નહીં પાડોશીઓ એક વિસ્તૃત પરિવાર જેવા હતા અને તેથી આ પ્રકારની નિર્ભરતા સામાન્ય બાબત હતી. જોકે, દુનિયા ઝડપથી બદલાઈ ગઈ છે, ખાસ કરીને શહેરી અને અર્ધગ્રામીણ ક્ષેત્રોમાં, જ્યાં લોકો મોટાભાગે કામ અથવા અન્ય પ્રવૃત્તિઓ માટે ઘરની બહાર હોય છે અને તુલનાત્મક રીતે ઝડપી જીવન જીવે છે. આજની દુનિયામાં, જ્યારે આપણા ઘરની સલામતીની વાત આવે ત્યારે આપણા પડોશીઓ સહિત બાહ્ય પક્ષો પર નિર્ભર રહેવું યોગ્ય નથી. ગોદરેજમાં, અમે હંમેશા નવી ટેક્નોલોજી માટે પહેલ કરી છે અને સતત કંઈક નવું કરતા રહ્યા છીએ. જેથી ગ્રાહકો તેમના ઘરના તાળાને અપગ્રેડ કરવા માટે તેમની જીવનશૈલી સાથે મેળ ખાતી વધુ પસંદગીઓ કરી શકે.

### રાજ્યના હવામાન અંગે પરેશ ગોસ્વામીની આગાહી

## આવી રહ્યો છે ઠંડીનો એક મોટો રાઉન્ડ? : હવામાન નિષ્ણાંત

### ૭થી ૧૨ કિલોમીટરની પ્રતિ કલાકની પવનની ગતિ જોવા મળે તેવી શક્યતા છે, પવન ઉત્તર અને ઉત્તર-પૂર્વના જણાશે



। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત જોવા મળી રહ્યો છે. સુસવાટા મારતા પવનો સાથે કડકડતી ઠંડી જોવા મળી રહી છે. ૧૭ શહેરમાં પારો ૧૫ ડિગ્રીથી નીચે પહોંચ્યો છે. નલિયામાં સૌથી ઓછું ૧૦ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ડીસા અને વડોદરામાં ૧૧ ડિગ્રી, રાજકોટ, મહુવા અને કેશોદમાં ૧૨ ડિગ્રી, ગાંધીનગર અને આણંદમાં ૧૩ ડિગ્રી, અમદાવાદમાં૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આવામાં હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગામી દિવસમાં રાજ્યના હવામાન અંગે આગાહી કરી છે. તેમણે રાજ્યમાં ઠંડીના રાઉન્ડ, પવનની ગતિ અને ઝાકળ વિશે માહિતી આપી છે. હવામાન નિષણાતે રાજ્યના હવામાન અંગે તેમની યુ ટ્યુબ ચેનલમાં જણાવ્યુ હતુ કે, છેલ્લા બે-ત્રણ દિવસથી અમુક વિસ્તારોમાં પવનની ગતિ સામાન્ય કરતાં વધી ગઇ હતી. જોકે, આજે ૨૩ તારીખથી પવનની ગતિ સામાન્યનની નજીક આવી જશે. આજથી ૩૧ જાન્યુઆરી સુધી પવનની ગતિ સામાન્ય રહેશે. એટલે કે, ૭થી ૧૨ કિલોમીટરની પ્રતિ કલાકની પવનની ગતિ જોવા મળે તેવી શક્યતા છે. પવન ઉત્તર અને ઉત્તર-પૂર્વના જણાશે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી સારો એવો ઠંડીનો રાઉન્ડ ચાલી રહ્યો છે. હજુ આજે ૨૩મીએ પણ ઠંડી યથાવત જોવા મળશે, પરંતુ ૨૪મી જાન્યુઆરીથી તાપમાન ધીમે-ધીમે ઊંચુ જશે. ૨૪ અને ૨૫ એમ બે દિવસમાં તાપમાન એકથી બે ડિગ્રી તાપમાન ઊંચું જશે. જોકે, તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નથી. ૩૧મી જાન્યુઆરી સુધી એવું તાપમાન જોવા મળે તેવી શક્યતા છે. લઘુત્તમ તાપમાન છે, જે રાત્રિના સમયે આપણે ઠંડીનો અનુભવ કરી રહ્યા છે, તે યથાવત જોવા મળશે. ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયાની અંદર આગોતરા એંધાણ તરીકે કહી શકાય કે, ઠંડીનો એક મોટો રાઉન્ડ પણ આવી શકે છે. છેલ્લા ત્રણ-ચાર દિવસ પહેલા ઝાકળનો એક રાઉન્ડ પૂરો થયો છે. સૌથી વધુ કચ્છ-સૌરાષ્ટ્રમાં ઝાકળ જોવા મળી છે. જોકે, હમણા મોટાભાગના વિસ્તારો ચોખા રહેશે. આવનારા ત્રણ-ચાર દિવસ સુધી. ૨૬મી તારીખ સુધી ઝાકળની કોઈ મોટી શક્યતા નથી.

### અમદાવાદ લાલબત્તી સમાન કિસ્સો

## ઘરઘાટી ઘરમાંથી આખેઆખું લોકર ઉઠાવીને લઈ ગયો

### ઘરઘાટી ઘરમાંથી લાખોની ચોરીને કરીને રફૂચક્કર થઇ ગયો છે, આ ચોરીના સીસીટીવી પણ સામે આવ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

શહેરમાં એક લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. શહેરના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ફેક્ટરી માલિકના ઘરેથી ઘરઘાટીએ ૩૦ લાખની ચોરી કરી છે. આ વેપારીએ ઘરઘાટીના જરૂરી દસ્તાવેજ સહિતની તમામ વિગતો પોલીસ સ્ટેશનમાં આપી હતી. તેમ છતાં ઘરઘાટી ઘરમાંથી લાખોની ચોરીને કરીને રફૂચક્કર થઇ ગયો છે.

આ ચોરીના સીસીટીવી પણ સામે આવ્યા છે. સેટેલાઈટ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ મામલે મળતી માહિતી પ્રમાણે, નહેરુનગરમાં આવેલી સુમધુર સોસાયટીમાં રોહન અગ્રવાલ રહે છે. જેમની વટવા જીઆઈડીસીમાં કેમિકલની ફેક્ટરી છે. તેમના ઘરે પશ્ચિમ બંગાળનો રમેશ ચક્રબોર્તી બે મહિનાથી ઘરઘાટી તરીકે કામ કરતો હતો. આ સિવાય તેમના ઘરમાં બેબી કેરટેકર રીટા રાય, ડ્રાઈવર તરીકે ડુંગરપુરનો રહેવાસી ભીમજી પ્રજાપતિ પણ કામ કરે છે. ગત ૨૦ જાન્યુઆરી, શનિવારે તેમના ઘરે રોહનભાઈની માતા અને ત્રણ નોકર હાજર હતા. તેમના પત્ની સામાજિક કામે મુંબઈ ગયા હતા. બીજા દિવસે રોહનભાઈના પત્ની મુંબઈથી પાછા આવ્યા ત્યારે બેડરૂમમાં જઈને જોયુ તો કબાટમાંથી લોકર ગુમ હતું. જેથી તેમણે પતિ રોહનભાઈને જાણ કરી હતી. રૂમમાં રાખેલા લોકરમાં રૂ. ૧.૮૫ લાખ રોકડા, સોના-ચાંદીના અને ડાયમંડના દાગીના મળી કુલ રૂ. ૩૦.૩૦ લાખની મત્તા લોકરમાં મૂકેલા હતા. જેથી રોહનભાઈએ નોકરને બોલાવ્યા હતા પણ રમેશ ચક્રબોર્તી આવ્યો ન હતો. અને તેનો ફેન બંધ આવતો હતો. જેથી શંકાને આધારે સીસીટીવી ફૂટેજમાં તપાસ કરતા રમેશ મોટા થેલો લઇને જઇ રહ્યો દેખાયો હતો. જેથી રમેશે ચોરી કર્યાની જાણ થઈ હતી.

## રાજકોટમાં ૪૮ કલાકમાં ચાર લોકોના હૃદય બંધ પડી ગયા

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રાજ્યમાં નાની ઉંમરે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. રાજકોટમાં છેલ્લા ૪૮ કલાકમાં ચાર લોકોના હૃદય બંધ પડી જતા મોત થયા છે. જેમાં બે યુવાન ૨૪ અને ૨૮ વર્ષના છે તો બે ૪૬ અને ૪૭ વર્ષના છે. સંત કબીર રોડ ઉપર ૨૪ વર્ષના યુવાન છોટન બંગાળીનું નિધન થયું છે તો પરિશ્રમ સોસાયટીમાં રહેતા પ્રોઢ ભુપતભાઈનું બેભાન થઇ જતા મોત થયું છે. તો ૨૮ વર્ષના બિહારી યુવાન ધનંજયને હાર્ટ એટેક આવતા મોત થયું છે. યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે.

## રાજકોટના રવિવારી માર્કેટનું ટર્ન ઓવર એક દિવસનુ ૪થી ૫ કરોડ

### મહિનામાં ૧૨થી ૧૫ કરોડ રૂપિયાનું ટર્નઓવર થાય છે અને અહીં ૯૦થી ૭૦ હજાર લોકો મુલાકાત લે છે

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।

રવિવારી માર્કેટનું નામ પડે એટલે આપણને સૌથી પહેલા સસ્તી વસ્તુનો વિચાર આવે. હવે વિચારો કે જ્યાં સસ્તી વસ્તુ મળતી હોય ત્યાં ટ્રાફિક કેવો હોય અને ઘરાકી કેવી હોય. તમને રાજકોટના જ રવિવારી માર્કેટના ટર્ન ઓવર વિશે જણાવીએ તો એક દિવસનુ ટર્નઓવર અહિંયા ૪થી ૫ કરોડ રૂપિયાનું થાય છે.

જ્યારે મહિનાનું ટર્નઓવર ૧૨થી ૧૫ કરોડ રૂપિયા થાય છે. ત્યારે રાજકોટના ડો. હિરેન મહેતા દ્વારા એક માઈક્રો એન્ટરપ્રિનીયર પર રિસર્ચ કરવામાં આવ્યું છે. ડો. હિરેનભાઈ દ્વારા રાજકોટની રવિવારી માર્કેટ પર માઈક્રો એન્ટરપ્રિનીયર રિસર્ચ કરવામાં આવ્યું હતું. આ રિસર્ચમાં જાણવા મળ્યું હતું કે, રવિવારી માર્કેમાં ૨૭૦૦ નાના નાના ધંધાઓ ધમધમે છે. મહિનામાં ૧૨થી ૧૫ કરોડ રૂપિયાનું ટર્નઓવર થાય છે અને અહીં ૯૦થી ૭૦ હજાર લોકો મુલાકાત લે છે. રાજકોટની રવિવારી માર્કેટમાં તમને સોયથી લઈને સાયકલ સુધીની તમામ વસ્તુઓ મળી જાય છે.

અહીં જૂનુ અને નવું ફર્નિચર પણ મળી જાય છે. આજી ડેમ રાજકોટ ખાતે રવિવાર બજાર રવિવારના દુકાનદારો માટે આકર્ષણના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. સુરેન્દ્રનગરથી ખરીદી કરવા માટે આવેલા અતુલભાઈ પંડ્યાએ કહ્યું કે, નાનામાં નાની સોઈથી લઈને સાયકલ સુધીની તમામ વસ્તુઓ મળી જાય છે. તેઓ ફર્નિચરની ખરીદી માટે આવ્યા હતા. તેમને કહ્યું કે, ગુગલ પે અને કેશ બંનેથી પેમેન્ટ થઈ શકે છે. કોઈ પણ નવી વસ્તુ બજાર કરતા એકદમ ઓછા ભાવમાં અહિંયા મળી જાય છે. ગુજરાતમાં પહેલીવાર રાજકોટમાં માઈક્રો એન્ટરપ્રિનીયરનું રિસર્ચ કરવામાં આવ્યું છે. આ રિસર્ચ પેપરને UGC કેર લીસ્ટમાં સ્થાન પ્રાપ્ત થયેલું છે અને શ્રીનગર પછી ગુજરાતમાં સૌપ્રથમ વખત માઈક્રો એન્ટરપ્રિનીયર ઉપર રિસર્ચ કરવામાં આવેલ છે. ભારતમાં આત્મનિર્ભરતાનું આ માર્કેટ પ્રતિક ગણવામાં આવે છે. રાજકોટના આજીડેમ વિસ્તારમાં આવેલુ આ માર્કેટ ૭.૫૦ લાખ ફૂટમાં ફેલાયું છે. આ માર્કેટ છેલ્લા ૪૦ વર્ષથી ધમધમે છે.

## વિશેષ લેખ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કાગવડ ખાતે ખોડલધામ કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજન પ્રસંગે પ્રેરક ઉપસ્થિતિ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સથી જોડાઈને સંબોધન કર્યું, દેશના સર્વાંગી વિકાસ માટે નાગરિકોને નવ સંકલ્પો આપ્યા

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટ જિલ્લાના કાગવડ ખાતે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને સર્વ સમાજના લાભાર્થે અદ્યતન કેન્સર હોસ્પિટલ નિર્માણના ખોડલધામના કાર્યને બિરદાવ્યું હતું. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે વીડિયો કોન્ફરન્સથી જોડાઈને સંબોધન કર્યું હતું. મંદિરના સાતમા પાટોત્સવના અવસરે ખોડલધામની પવિત્ર ભૂમિ પર ઉપસ્થિત ભક્તો સાથે જોડાવાનું સૌભાગ્ય મળવા બદલ આનંદ વ્યક્ત કરતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુલ સંબોધનમાં જણાવ્યું કે, રાજકોટના પડધરી તાલુકાના અમરેલી ખાતે નિર્માણ પામનારી કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના આજે ભૂમિ પૂજન સાથે ખોડલધામ ટ્રસ્ટે જનકલ્યાણ અને સેવાના ક્ષેત્રે વધુ એક સુંદર પહેલ કરી છે. આ હોસ્પિટલથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટા પ્રદેશને લાભ થશે તેમ જણાવતા પ્રધાનમંત્રી શ્રી ઉમેર્યું હતું કે, આ કેન્સર હોસ્પિટલ સેવા ભાવના અને સર્વ સમાજના કલ્યાણનું પ્રતીક બની રહેશે. લેઉઆ પાટીદાર સમાજ દ્વારા સેવા, સંસ્કાર અને સમર્પણના સંકલ્પ સાથે શરૂ કરાયેલ ખોડલધામ ટ્રસ્ટે શિક્ષા, કૃષિ અને સ્વાસ્થ્યના ક્ષેત્રોમાં ઉદાહરણીય કામગીરી કરીને અનેક લોકોના જીવન બદલવાનું કાર્ય કર્યું છે. તેમણે કહ્યું હતું કે, કેન્સર સહિતની ગંભીર બીમારીઓના ઈલાજમાં મોટો ખર્ચ થઈ જતો હોય છે ત્યારે દર્દી અને તેના પરિવારને આર્થિક મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ છે. સરકારે છેલ્લા નવ વર્ષોમાં ૩૦ જેટલી કેન્સર હોસ્પિટલ શરૂ



કર્યા છે અને ૧૦ નવી કેન્સર હોસ્પિટલ બની રહી છે. કેન્સરના ઈલાજમાં વહેલી તકે નિદાન થવું જરૂરી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કેન્સર સહિતની ગંભીર બીમારીઓનું નિદાન વહેલી તકે થઈ શકે તે માટે કેન્દ્ર સરકારે ગ્રામ્ય સ્તરે દોઢ લાખથી વધુ આયુષ્યમાન આરોગ્ય મંદિર બનાવ્યા છે.

દેશના વિકાસ માટે દેશના નાગરિકો સ્વસ્થ અને સશક્ત હોય તે બાબતને અનિવાર્ય ગણાવતા પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ વિચારને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારે નાગરિકોને ગંભીર બીમારીના કિસ્સામાં પણ સારવાર માટે નાણાની ચિંતા ના કરવી પડે તે માટે સરકારે આયુષ્યમાન ભારત યોજના શરૂ કરી છે. જેનો લાભ લઈ ૬ કરોડથી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર મેળવી છે. સારવાર ઉપરાંત સસ્તા દરે દવાઓ ઉપલબ્ધ કરાવવા સરકારે ૧૦,૦૦૦ જેટલા જન ઔષધી કેન્દ્ર શરૂ કર્યા છે, જ્યાં બજારભાવ કરતા ૮૦% ઓછા દરે દવાઓ મળે છે. આ કેન્દ્રના પરિણામે દર્દીઓના દવા પાછળ થતા ખર્ચમાં રૂ. ૩૦,૦૦૦ કરોડની બચત થવા પામી છે.


છેલ્લા ૨૦ વર્ષોમાં ગુજરાતે સ્વાસ્થ્ય સુવિધાઓ ક્ષેત્રે કરેલી પ્રગતિ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં મેડિકલ કોલેજની સંખ્યા ૧૧ હતી જે આજે વધીને ૪૦, ફાર્મસી કોલેજની સંખ્યા ૧૩ થી વધીને ૧૦૦, ડિપ્લોમા ફાર્મસી કોલેજની સંખ્યા ૬ થી વધીને ૩૦ થઈ છે. મેડિકલ કોલેજોમાં એમબીબીએસની બેઠકો ૫ ગણી અને પોસ્ટ ગ્રેજ્યુએશનની બેઠકો ૩ ગણી થઈ છે. ગુજરાત ભારતનું મોટું મેડિકલ હબ બન્યું હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતમાં ગામે-ગામ સીએચસી ખોલવામાં આવ્યા છે. આદિવાસી, ગરીબ વિસ્તારો સુધી ઉત્તમ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સાથે ગુજરાતે દેશમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં મોટા સુધારાનું મોડેલ રજૂ કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ લોકોને આ તકે નવ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા આગ્રહભર્યો અનુરોધ કર્યો હતો, જેમાં જળ સંરક્ષણ અને સંગ્રહ, ગ્રામીણ વિસ્તારોમાં પણ ડિજિટલ ટ્રાન્જેક્શન વધારવા, પોતાના ગામ-શહેરને સ્વચ્છતામાં અવ્વલ બનાવવા, મેઈડ ઈન ઈન્ડિયા - સ્થાનિક ઉત્પાદનની વસ્તુઓ ખરીદવા, પ્રાકૃતિક ખેતીની અમલવારી, મિલેટ્સનો ઉપયોગ, વ્યસન મુક્તિ તેમજ તંદુરસ્તી સાથે શારીરિક સજ્જતા કેળવવાનો સમાવેશ થાય છે. ખોડલધામ કાગવડના સાતમા પાટોત્સવ તથા કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજન સમારોહમાં સંબોધન કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન થયું છે ત્યારે સમાજ સેવા માટે ધન અને દાનની સરવાણી માતાજીના આશીર્વાદ સ્વરૂપે મળી રહી છે. ઈશ્વરીય મદદ મળે ત્યારે જ આવું ભવ્ય આયોજન થતું હોય છે.

તેમણે કહ્યું હતું કે, આયોધ્યામાં ભવ્ય રામમંદિરમાં આવતીકાલે ભગવાન રામલલા બિરાજમાન થવા જઈ રહ્યા છે, તેના પૂર્વ દિવસે આદ્યશક્તિ અને રાષ્ટ્રભક્તિના સંગમ એવા ખોડલધામમાં આ અનોખા અવસરના સાક્ષી બનવાની તક આપણને મળી છે. ખોડલધામ એ ગુજરાતનું એકમાત્ર એવું મંદિર છે, જેના પ્રવેશદ્વાર પર રોજ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ખોડલધામે વિવિધ સેવાકીય કાર્યો થકી "જનસેવા એ જ પ્રભુસેવા"નું ધ્યેય સાર્થક કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં શહેરી, ગ્રામ્ય એમ દરેક વિસ્તારના વિકાસ, દરેક નાગરિકના કલ્યાણની નીતિ અપનાવી છે અને ૨૫ કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી બહાર લવાયા છે. રાજ્યની બે દાયકાની વિકાસ યાત્રાના સારથી એવા નરેન્દ્રભાઈભાઈ મોદીના દિશાનિર્દેશમાં આગળ વધતા ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.

ખોડલધામ દ્વારા કેન્સર હોસ્પિટલ શરૂ કરવાના વિચારને બિરદાવતા તેમણે કહ્યું હતું કે, નિરોગી, સમૃદ્ધ, સુખી સમાજનું નિર્માણ રામરાજ્ય તરફનું પ્રયાણ છે. તેમણે કહ્યું હતું કે, પ્રભુ શ્રીરામ આવતીકાલે અયોધ્યા નિજમંદિરમાં બિરાજમાન થવાના છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ઐતિહાસિક ક્ષણને વધાવી લેવા આહવાન કર્યું છે, ત્યારે આવતીકાલે દેશમાં વધુ એક દિવાળી જેવો માહોલ હશે. રામના મૂલ્યો, સેવા, સંસ્કારો, શાસન અને ન્યાય સમગ્ર દેશમાં સર્વત્ર વ્યાપે એવી આપણી અભિલાષા છે. આ અભિલાષા પૂર્ણ કરવામાં આદ્ય શક્તિ મા ખોડલ સૌને સદા સહાયરૂપ બને તેવી પ્રાર્થના કરું છું.

સભાસ્થળે આગમન પૂર્વે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ખોડલધામ નિજ મંદિરમાં મા ખોડલના દર્શન કરી રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારી, પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે જીવન શૈલી અને વ્યસનથી ફેલાતા કેન્સરના રોગના નિવારણ માટે માટે આજે શુભારંભ થયેલી આરોગ્ય સંસ્થા સ્વસ્થ ભારતના વિકાસમાં નિર્ણાયક સાબિત થશે.





કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતના સોનગઢમાં આદિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહામહોત્સવને સંબોધિત કરતા નજરે પડે છે.

### ઈરાન સમર્થિત યમનના હુથી સંગઠન પર તવાઈ

# યુએસ અને બ્રિટનનો ૧૨ દિવસમાં આઠમી વખત હુથી સંગઠન પર હુમલો

## આ હુમલાઓમાં હુથી સંગઠનના ઘણા હથિયારોના સંગ્રહસ્થાનો નાશ પામ્યા, મિસાઈલ અને ડ્રોનની ક્ષમતાને ભારે નુકસાન થયું

। (એજન્સી) સાના , તા.૨૩ ।

અમેરિકા અને બ્રિટને ફરી એકવાર ઈરાન સમર્થિત યમનના હુથી સંગઠન પર હુમલો કર્યો હતો. બંને દેશોની એરફોર્સે સોમવારે મોડી રાત્રે આઠ હુતી સ્થાનો પર હુમલા કર્યા હતા. યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન અનુસાર, લાલ સમુદ્રમાં વેપારી જહાજોને નિશાન બનાવવાની હુથીઓની ક્ષમતાને સંપૂર્ણપણે નષ્ટ કરવા માટે આ હુમલો કરવામાં આવ્યો છે. લાલ સમુદ્રમાં હુથીઓ દ્વારા વિવિધ દેશોના વેપારી જહાજો પર હુમલા બાદ અમેરિકાના નેતૃત્વમાં પશ્ચિમી દેશોની સેના સક્રિય થઈ ગઈ છે. છેલ્લા ૧૨ દિવસમાં હુથીઓને રોકવા માટે સંગઠન પર આ આઠમો હુમલો હતો.

આ હુમલાઓમાં હુથી સંગઠનની ઘણી હથિયારોના સંગ્રહસ્થાનો નાશ પામ્યા હોવાના અહેવાલ છે. જેના કારણે તેની મિસાઈલ અને ડ્રોનની ક્ષમતાને ભારે નુકસાન થયું છે. નોંધનીય



છે કે અમેરિકા ઉપરાંત બ્રિટન, ઓસ્ટ્રેલિયા, બહેરીન, કેનેડા અને નેધરલેન્ડ પણ લાલ સમુદ્રમાં હુથી વિરૂદ્ધ અભિયાનમાં મદદ કરી રહ્યા છે.

આ દેશો દ્વારા બહાર પાડવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હુમલા માત્ર હુથીઓની ક્ષમતાઓને નષ્ટ કરવા માટે કરવામાં આવ્યા હતા. યમનની ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે હુમલા યમનની રાજધાની સના અને દેશના અન્ય કેટલાક સ્થળોએ થયા હતા. હુથીની ટીવી ચેનલ અલ-મસિરાહે કહ્યું કે યમનમાં અલ-દૈલામી લશ્કરી મથકને નિશાન બનાવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### હોંગકોંગને પછાડીને ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું સ્ટોક માર્કેટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું સ્ટોક માર્કેટ બની ગયું છે. ભારતે હોંગકોંગને પછાડીને પ્રથમ વખત ટોપ ચારમાં જગ્યા બનાવી છે. બ્લૂમબર્ગના ડેટા અનુસાર સોમવારે ભારતીય એક્સચેન્જો પર લિસ્ટેડ શેરો નું સંયુક્ત મૂલ્ય ૪.૩૩ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી ગયું છે, જ્યારે હોંગકોંગ શેરબજારનું મૂલ્ય ઘટીને ૪.૨૯ ટ્રિલિયન ડૉલર થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે ભારતીય શેરબજાર ૫ ડિસેમ્બરે પ્રથમ વખત ચાર ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું હતું. જેમાં છેલ્લા ચાર વર્ષમાં લગભગ બે ટ્રિલિયન ડોલર ભારતમાં ઉમેરાયા છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. આ ઉપરાંત આર્થિક સુધારાએ પણ ભારતને વિશ્વભરના રોકાણકારોનું પ્રિય બનાવ્યું છે. હાલમાં, અમેરિકા વિશ્વનું સૌથી મોટું સ્ટોક માર્કેટ છે જેનું મૂલ્ય ૫૦.૮૬ ટ્રિલિયન ડોલર છે આ પછી ચીન ૮.૪૪ ટ્રિલિયન ડોલર સાથે બીજા ક્રમે અને જાપાન ૬.૩૬ ટ્રિલિયન ડોલર સાથે ત્રીજા સ્થાને છે.મુંબઈમાં એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર આશિષ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "ભારતમાં વિકાસની ગતિને આગળ વધારવા માટે તમામ બાબતો યોગ્ય છે." ભારતીય શેરોમાં સતત વધારો અને હોંગકોંગમાં ઐતિહાસિક ઘટાડો ભારતને આ સ્થાને લઈ ગયો છે.

### કૂનો નેશનલ પાર્કમાં માદા ચિત્તાએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો



। (એજન્સી) ભોપાલ, તા.૨૩ ।

કૂનો નેશનલ પાર્કમાં આજે ત્રણ નવા ચિત્તાના બચ્ચાનો જન્મ થયો છે. માદા ચિત્તા જ્વાલાએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો છે. ત્રણેય બચ્ચા સંપૂર્ણ સ્વસ્થ છે. આ પહેલા પણ જ્વાલાએ ચાર બચ્ચાને જન્મ આપ્યો હતો. જેમાંથી ત્રણ બચ્ચા મૃત્યુ પામ્યા હતા. કૂનો નેશનલ પાર્કમાં આ ત્રણ બચ્ચાના જન્મ બાદ ચિત્તાની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. આમાં ૭ ચિત્તાના બચ્ચા પણ સામલે છે. લગભગ એક મહિના પહેલા નામિબિયાથી લાવવામાં આવેલી આશા નામની માદા ચિતાએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો હતો. અગાઉ માર્ચ ૨૦૨૩માં પણ માદા ચિત્તા જ્વાલાએ ચાર બચ્ચાને જન્મ આપ્યો હતો. તેમાંથી ત્રણ થોડા મહિનામાં મૃત્યુ પામ્યા હતા. હાલમાં આ બચ્ચાઓ ડોકટરોની દેખરેખ હેઠળ છે. કેન્દ્રીય વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે પોતે આ માહિતી આપી હતી.

### દરેક પાત્ર ખેડૂતને સંસ્થાકીય ધિરાણ સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય

# આગામી વચગાળાના બજેટમાં કૃષિ ધિરાણ વધારીને ૨૨-૨૫ લાખ કરોડની આસપાસ કરાશે

। (એજન્સી) નવ દિલ્હી, તા.૨૩ ।

સરકાર આગામી વચગાળાના બજેટમાં આગામી નાણાકીય વર્ષ માટે કૃષિ ધિરાણના લક્ષ્યાંકને વધારીને રૂ. ૨૨-૨૫ લાખ કરોડ કરવાની જાહેરાત કરી શકે છે. તે એ પણ સુનિશ્ચિત કરશે કે દરેક પાત્ર ખેડૂતને સંસ્થાકીય ધિરાણ મળે. સૂત્રોએ આ માહિતી આપી હતી. ચાલુ નાણાકીય વર્ષ માટે સરકારનો કૃષિ-ધિરાણનો લક્ષ્યાંક રૂ. ૨૦ લાખ કરોડ છે. હાલમાં, સરકાર તમામ નાણાકીય સંસ્થાઓ માટે રૂ. ત્રણ લાખ સુધીની ટૂંકા ગાળાની કૃષિ લોન પર બે ટકાની વ્યાજ સબવેન્શન આપે છે. આનો અર્થ એ થયો કે ખેડૂતોને વાર્ષિક સાત ટકાના રાહત દરે ૩ લાખ રૂપિયા સુધીની કૃષિ લોન મળી રહી છે. સમયસર ચુકવણી કરનારા ખેડૂતોને દર વર્ષે ત્રણ ટકાની વધારાની વ્યાજ છૂટ પણ આપવામાં આવી રહી છે. ખેડૂતો લાંબા ગાળાની લોન પણ લઈ શકે છે પરંતુ વ્યાજ દર બજાર દર મુજબ છે.



સૂત્રોએ જણાવ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કૃષિ ધિરાણનો લક્ષ્યાંક વધીને ૨૨-૨૫ લાખ કરોડ રૂપિયા થઈ શકે છે. કૃષિ-ધિરાણ પર વધુ ધ્યાન આપ વામાં આવી રહ્યું છે અને સરકાર બાકી રહેલા પાત્ર ખેડૂતોને ઓળખવા અને તેમને ક્રેડિટ નેટવર્કમાં લાવવા માટે અનેક ઝુંબેશ ચલાવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે કૃષિ મંત્રાલયે કેન્દ્રિત અભિગમના ભાગરૂપે 'ક્રેડિટ' (લોન માટે) પર એક અલગ વિભાગ પણ બનાવ્યો છે. આ ઉપરાંત સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે લોનનું વિતરણ લક્ષ્યાંક કરતાં વધુ રહ્યું છે. સરકારી ડેટા દર્શાવે છે કે વર્તમાન નાણાકીય વર્ષમાં, ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ૨૦ લાખ કરોડ રૂપિયાના કૃષિ-ધિરાણના લક્ષ્યાંકના લગભગ ૮૨ ટકા હાંસલ કરવામાં આવ્યા છે. સત્તાવાર માહિતી અનુસાર, આ સમયગાળામાં ખાનગી અને જાહેર બંને બેંકો દ્વારા લગભગ રૂ. ૧૬.૩૭ લાખ કરોડની લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, "કૃષિ-ધિરાણનું વિતરણ ચાલુ નાણાકીય વર્ષમાં પણ લક્ષ્યાંક કરતાં વધી જાય તેવી શક્યતા છે." નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ કૃષિ ધિરાણનું વિતરણ ૨૧.૫૫ લાખ કરોડ રૂપિયા હતું. આ સમયગાળા માટે નિર્ધારિત રૂ. ૧૮.૫૦ લાખ કરોડના લક્ષ્યાંક કરતાં આ વધુ હતું.

### અયોધ્યામાં રામલ્લાને વૈદિક મંત્રોચ્ચારથી બિરાજમાન કરાયા

# સરહદ પર ભારત-ચીનના સૈનિકોએ જય શ્રી રામના નારા લગાવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હીં, તા.૨૩ ।

ગઈ કાલનો ૨૨ જાન્યુઆરીનો દિવસ ભારત જ નહીં પરંતુ સમગ્ર દુનિયામાં રહેતા હિન્દુઓ માટે મહત્વનો હતો, કેમ કે ગઈકાલના પાવન દિવસે ભગવાન શ્રી રામ ૫૦૦ વર્ષ બાદ પોતાના નિજધામ પહોંચ્યા હતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અયોધ્યામાં રામ મંદિરની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ અને રામલ્લાને વૈદિક મંત્રોચ્ચારથી બિરાજમાન કરાયા હતા.

આ અવસરની ઉજવણી ભારત-ચીન બૉર્ડર પર પણ જોવા મળી હતી, ભારતીય સેના અને ચીની સેનાના સૈનિકોએ એકબીજાને મોં મીઠુ કરાવ્યુ હતુ, આ ઘટનાની તસવીરો હાલમાં સામે આવી છે. ગઈકાલે અયોધ્યામાં ભવ્ય શ્રી રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી રામલલ્લાની પહેલી આરતી ઉતારીને દેશ માટે મંદિરને ખુલ્લુ મુક્યુ હતુ, આની ઉજવણી સમગ્ર દેશમાં જોવા મળી હતી, ત્યારે હવે હાલમાં તસવીરો બૉર્ડર પરથી સામે આવી છે, જેમાં ભારતીય સેનાના જવાનો પણ રામભક્તિમાં લીન થયેલા જોવા મળી રહ્યાં છે. ભારત અને ચીનની બૉર્ડર પર આવેલા અરૂણાચલ પ્રદેશમાંથી તસવીરો સામે આવી છે, જેમાં જોઈ શકાય છે કે, અયોધ્યામાં ભવ્ય શ્રી રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ અરુણાચલ પ્રદેશમાં આવેલી ભારત અને ચીન બૉર્ડર ઉપર બન્ને દેશના જવાનો શાનદાર રીતે ઉજવણી કરી રહ્યાં છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, અરુણાચલ પ્રદેશની બૉર્ડર પર ભારત અને ચીનના જવાનો એકસાથે બેસેલા છે, આ દરમિયાન ભારતીય જવાનો ચીનના જવાનોને જય શ્રી રામના નારા શીખવાડીને, નારા લગાવડાવી રહ્યાં છે. આ પ્રસંગની તસવીરોમાં બન્ને દેશના સૈનિકો જય શ્રી રામ બોલી રહ્યાં છે.

### અયોધ્યાના રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહે અનેક રેકોર્ડ તોડ્યા

# રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા વિક્રમી ૯૦ લાખ લોકોએ યુટ્યુબ પર લાઈવ જોઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

અયોધ્યાના રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહે અનેક રેકોર્ડ તોડ્યા છે. આ લિસ્ટમાં હવે પીએમ નરેન્દ્ર મોદીની ઓફીશિયલ યુટ્યુબ ચેનલનો પણ એક રેકોર્ડ સામેલ છે. નરેન્દ્ર મોદી ચેનલે લાઈવ પ્રસારણ દરમિયાન વિશ્વમાં સૌથી વધુ જોવામાં આવતી યુટ્યુબ ચેનલ બનીને રેકોર્ડ તોડ્યો છે.

રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનું આ ચેનલ પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યી હતું, જેને ૯ મિલિયન એટલે કે ૯૦ લાખથી વધુ લોકોએ લાઈવ નિહાળ્યું હતું. કોઈપણ યુટ્યુબ ચેનલ પર લાઈવ પ્રસારણ જોવાનો આ સૌથી મોટો રેકોર્ડ છે. નરેન્દ્ર મોદી ચેનલ પરના આ લાઈવ પ્રસારણને અત્યાર સુધીમાં ૧ કરોડ વ્યુઝ મળ્યા છે. આ હેલા લાઈવ પ્રસારણ સૌથી વધુ જોવાનો રેકોર્ડ ચંદ્રયાન-૩ લોન્ચનો હતો.

આ લોન્ચના પ્રસારણને ૮૦ લાખથી વધુ લોકોએ લાઈવ નિહાળ્યો હતો. જેનો રેકોર્ડ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહે તોડીનેપ્રથમ સ્થાન લીધું છે. જયારે ત્રીજા નંબર પર ફિફા વર્લ્ડ કપ ૨૦૨૩ મેચ છે અને ચોથા નંબર પર એપલ લોન્ચ ઈવેન્ટ છે.

નરેન્દ્ર મોદીની યુટ્યુબ ચેનલ પર સબસ્ક્રાઈબર્સની સંખ્યા ૨.૧ કરોડ છે. તેમની ચેનલ પર કુલ ૨૩,૭૫૦ વીડિયો અપલોડ કરવામાં આવ્યા છે જેની કુલ વ્યૂઝ ૪૭૨ કરોડ છે. યુટ્યુબ પર સૌથી વધુ સબસ્ક્રાઈબર્સ મેળવનાર નરેન્દ્ર મોદી વિશ્વના પ્રથમ નેતા છે. વિશ્વમાં સૌથી વધુ જોવાયેલા ૧૦ લાઈવ પ્રસારણ ચેનલ અને લાઈવ ઈવેન્ટનું નામ લાઈવ પ્રસારણ વ્યુઝ પ્રસારણ તારીખ નરેન્દ્ર મોદી-રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ ૯૦ લાખ લોકોએ જોયું.

# સ્ટુડન્ટ વિઝાની સંખ્યામાં કર્યો ધરખમ ઘટાડો

### ૨૦૨૩ થી સંખ્યામાં ૩૫ ટકાનો ઘટાડો કરે છે, ફેડરલ સરકારના આ નિર્ણયની ભારતીય વિદ્યાર્થીઓ પર મોટી અસર પડશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કેનેડા સરકારે નવા સ્ટુડન્ટ વિઝાની જાહેરાત કરી છે. તેની અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પણ પડશે. આ અંતર્ગત સ્ટુડન્ટ વિઝામાં ૩૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના ધસારાને રોકવા અને સંસ્થાકીય ખામીઓને દૂર કરવાના પ્રયાસરૂપે, ઈમિગ્રેશન પ્રધાન માર્ક મિલરે આગામી બે વર્ષમાં મંજૂર કરાયેલા વિદ્યાર્થી વિઝાની સંખ્યા પર મર્યાદા લાદી હોવાના અહેવાલ છે. ૨૦૨૪ માટે, ફેડરલ સરકાર ૩૬૦,૦૦૦ ગ્રેજ્યુએટ સ્ટડી પરમિટ મંજૂર કરવાનું લક્ષ્ય રાખે છે, કેનેડિયન મીડિયા અહેવાલો અનુસાર, ૨૦૨૩ થી સંખ્યામાં ૩૫ ટકાનો ઘટાડો કરે છે. ફેડરલ સરકારના આ નિર્ણયની ભારતીય વિદ્યાર્થીઓ પર મોટી અસર પડશે. નોંધનીય છે કે, કેનેડામાં ભારતીયો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો સૌથી મોટો સમૂહ છે, જેઓ ૨૦૨૨માં ૪૧ ટકાથી વધુ પરમિટ મેળવે છે. અહેવાલો અનુસાર, વર્તમાન અંદાજ સૂચવે છે કે ૨૦૨૩ માં ત્રણ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા ગયા હતા. કેનેડામાં, પ્રાંતો અને પ્રદેશોને હવે વસ્તીના આધારે કુલ પરમિટનો હિસ્સો ફાળવવામાં આવશે, જે પ્રાંતોમાં વધુ નોંધપાત્ર ઘટાડો તરફ દોરી જશે કે જેણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસ્તીમાં સૌથી વધુ ટકાઉ વૃદ્ધિ જોવા મળી નથી. દરેક પ્રદેશ નક્કી કરશે કે કેવી રીતે યુનિવર્સિટીઓ અને કોલેજો વચ્ચે પરમિટનું વિતરણ કરવામાં આવશે. ૨૦૨૫ માં પુનઃમૂલ્યાંકન કરવામાં આવનાર વિઝાની સંખ્યા સાથે, આ કેપ બે વર્ષ માટે રહેશે.



નવી દિલ્હીમાં કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસ પરેડના ફુલ ડ્રેસ રિહર્સલની ઝલક.

### પ્રજાસત્તાકની પરેડમાં સબમરીન તાકાત બતાવશે

# ભારતની સૌથી આધુનિક કલવરી ક્લાસની સબમરીન પરેડમાં દર્શાવાશે

। નવી દિલ્હી, તા.૨૩ ।

આ વર્ષે ૨૬મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં એવી સબમરીન પણ પોતાની તાકાત બતાવશે, જે દેશની સુરક્ષા માટે સમુદ્રમાં ચુપચાપ પોતાનું કામ કરી રહી છે. કલવરી ક્લાસની આ સબમરીન ભારતની સૌથી આધુનિક સબમરીન છે જે તે ડીઝલ અને ઈલેક્ટ્રિક બંને પર ચાલે છે. આ સબમરીન ફ્રાન્સની ટેકનિકલ મદદથી મુંબઈના મઝાગોન ડોકયાર્ડમાં બનાવવામાં આવી છે.

કલવરી ક્લાસની આવી ૬ સબમરીન ભારતીય નૌકાદળમાં સામેલ થવાની છે. હાલમાં આ ક્લાસની પાંચ



સબમરીન નૌકાદળમાં સામેલ કરવામાં આવી છે અને છઠ્ઠી સબમરીન પણ થોડા દિવસોમાં જોડાશે. આ ક્લાસની પ્રથમ સબમરીનનું નામ કલવરી છે જે લગભગ ૬૭ મીટર લાંબી અને ૨૧ મીટર ઊંચી છે અને તેનું વજન લગભગ દોઢ હજાર ટન છે. તે પાણીની ઉપર ૨૦ કિલોમીટર પ્રતિ કલાક અને પાણીની અંદર ૩૭ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.

## તંત્રી લેખ...

# એલોન મસ્કે ભારતનું સમર્થન કર્યું

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને ટેસ્લા અને સ્પેસએક્સ જેવી કંપનીઓના વડા એલોન મસ્કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સભ્યપદની હિમાયત કરી છે. તેમણે કહ્યું છે કે વિશ્વના સૌથી મોટા સંગઠન સંયુક્ત રાષ્ટ્રમાં કેટલાક મુદ્દાઓ પર ફેરફાર કરવાની જરૂર છે. તેમણે કહ્યું છે કે સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હોવાના કારણે ભારતને ચોક્કસપણે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં સ્થાન મળવું જોઈએ. આમ ન કરવું એ વાહિયાત છે. એલોન મસ્કે ટ્વીટ કર્યું કે અમુક સમયે, યુએન સંસ્થાઓમાં સંશોધનની જરૂર છે. તેમણે કહ્યું કે વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં ભારત માટે સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક ન હોવી એ વાહિયાત છે. તેમણે લખ્યું છે કે આફ્રિકા માટે પણ સામૂહિક રીતે બેઠક હોવી જોઈએ. હાલમાં સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં સ્થાયી સભ્ય તરીકે માત્ર પાંચ દેશોનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) એ સંયુક્ત રાષ્ટ્ર (દ્વ)ના છ મુખ્ય અંગો પૈકીનું એક છે. તેની સ્થાપના ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ના રોજ થઈ હતી. તે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા, સંયુક્ત રાષ્ટ્રના નવા સભ્યોને જનરલ એસેમ્બલીમાં પ્રવેશની ભલામણ કરવા અને સંયુક્ત રાષ્ટ્રમાં કોઈપણ ફેરફારોને મંજૂરી આપવા માટે જવાબદાર છે. સુરક્ષા પરિષદના માળખાની વાત કરીએ તો તેમાં પાંચ સ્થાયી સભ્યો છે, જેમાં અમેરિકા, બ્રિટન, ચીન, ફ્રાન્સ અને રશિયા. આને સામૂહિક રીતે P5 તરીકે ઓળખવામાં આવે છે. તેમાંથી કોઈપણ પ્રસ્તાવને વીટો આપી શકે છે. કાઉન્સિલના દસ ચૂંટાયેલા સભ્યો પણ છે જેમનો કાર્યકાળ માત્ર બે વર્ષનો છે. ચૂંટાયેલા સભ્યોને વીટો પાવર આપવામાં આવતો નથી. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના કાયમી સભ્ય બનવા ઈચ્છતા તમામ ઉમેદવારોમાં ભારત સૌથી વધુ અવાજ ઉઠાવે છે. ભારત આજે એક મુખ્ય વૈશ્વિક શક્તિ કેન્દ્ર બની ગયું છે. ભારતનો સદસ્યતાનો દાવો એ તથ્યો પર આધારિત છે કે તે સંયુક્ત રાષ્ટ્રના સ્થાપક સભ્યોમાંનો એક છે, સૌથી મોટી લોકશાહી, બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ અને પાંચમો સૌથી મોટો અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે.

**પ્રજાસત્તાક પર્વ ઉજવણી વિશેષ**

## ‘પ્રજાશક્તિ’ના વિજયની ભૂમિ ‘જુનાગઢ’માં ‘પ્રજાસત્તાક’ પર્વની રાજ્યકક્ષાની ઉજવણી બનશે યાદગાર

ખાસ લેખ : સંદીપ કાનાણી

। (માહિતી બ્યુરો) જુનાગઢ ।

સિદ્ધ સંતો-મહંતો, સારસ્વતોથી લઈને શૌર્યવાન પ્રજાની ભૂમિ. આ નગરી ઐતિહાસિક છે. સાહિત્યથી લઈને ઈતિહાસ, પ્રાચીન પરંપરાથી લઈને અધ્યાત્મ, પ્રવાસન, ભૌગોલિક વિશેષતા, કૃષિ વગેરે અનેકવિધ બાબતોમાં આ નગરી પોતાનું આગવું મહત્વ અને સ્થાન ધરાવે છે. આગામી ૨૬મી જાન્યુઆરીએ, જુનાગઢમાં રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી થવા જઈ રહી છે, સરકારી તંત્રની સાથે સાથે નાગરિકોમાં ય અનેરો ઉત્સાહ છે.

જુનાગઢ એ ‘પ્રજાશક્તિ’ના વિજયનું પ્રતીક છે. હાલ દેશ માટે આઝાદીનો અમૃતકાળ શરૂ થયો છે, દરમિયાન અહીં ‘પ્રજાસત્તાક’ પર્વની ઉજવણીનો સુભગ સમન્વય રચાયો છે.

‘પ્રજાસત્તા’નો અર્થ એવો થાય છે કે, જ્યાં પ્રજાની સત્તા હોય.. જુનાગઢની પ્રજાએ તો સન ૧૯૪૭માં દેશની આઝાદીના સમયે જ આ વાતને ચરિતાર્થ કરી હતી. એ સમયે જુનાગઢના નવાબ મહાબતખાન-ત્રીજાએ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ એક ગેઝેટ બહાર પાડીને જુનાગઢ રાજ્યને પાકિસ્તાન સાથે જોડવાની જાહેરાત કરી હતી. દીવાન શાહનવાઝ ભુટ્ટોની કાન ભંભેરણીથી નવાબે પ્રજામતને ધ્યાનમાં લીધા વિના અને પ્રજાની લાગણીને અવરોધીને આ નિર્ણય કર્યો હતો.

જેના પગલે જુનાગઢ સહિત સમગ્ર કાઠિયાવાડમાં ખળભળાટ મચી ગયો હતો અને લોકો લાલઘૂમ થઈ ગયા હતા. ભૌગોલિક પરિસ્થિતિ તથા વસ્તીના પ્રમાણની દ્રષ્ટિએ પણ આ નિર્ણય તદ્દન અવ્યવહારુ હતો.

ભારત દેશ સાથે જોડવાની પ્રજાની લાગણી અને પ્રજામતને નવાબ માને તેમ નહોતા. આથી જુનાગઢની પ્રજાએ નવાબના નિર્ણયના વિરોધમાં જઈને, જુનાગઢને ભારતનો અભિન્ન હિસ્સો બનાવવા, સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન પ્રમાણે લડત લડવાનો નિર્ધાર કર્યો હતો.

શરૂઆતમાં મુંબઈમાં રહેતા જુનાગઢ- કાઠીયાવાડ વાસીઓ દ્વારા ૧૯મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ મુંબઈના વંદે માતરમ કાર્યાલયમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવી. જેમાં ઢેબરભાઈ, શામળદાસ ગાંધી અને અમૃતલાલ શેઠ જેવા નામી આગેવાનો હાજર રહ્યા હતા. આ સભામાં નવાબ મહાબતખાન ત્રીજાને સમજાવવા એક પ્રતિનિધિ મંડળ મોકલવાનું નક્કી થયું હતું. આ સાથે મુંબઈમાં ૨૫ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ જુનાગઢની ‘આરઝી હકૂમત’ નામની સમાંતર સરકાર સ્થાપી, તેને જુનાગઢની સાચી સરકાર જાહેર કરવામાં આવી હતી. આ સરકારનો અને જુનાગઢની પ્રજાની આઝાદીના જાહેરનામાનો મુસદો કનૈયાલાલ મુનશીએ ઘડ્યો હતો.

આરઝી હકૂમતને સંપૂર્ણ બંધારણીય સ્વરૂપ આપવાના હેતુથી તેમાં માત્ર જુનાગઢ રાજ્યના લોકોને જ લેવાના હતા. આ સરકારના વડા તરીકે મહાત્મા ગાંધીજીના ભત્રીજા અને ‘વંદે માતરમ’ દૈનિકના તંત્રી શામળદાસ ગાંધીને નીમવામાં આવ્યા હતા. તેના પ્રધાનમંડળના અન્ય સભ્યો હતા ભવાનીશંકર ઓઝા, દુર્લભજી ખેતાણી, રતુભાઈ અદાણી, મણિલાલ દોશી, નરેન્દ્ર નથવાણી અને સુરગભાઈ વરુ. પછીથી શ્રીમતી પુષ્પાબહેન મહેતાને પણ પ્રધાનમંડળમાં લેવાયાં હતા. આરઝી હકૂમતની સ્થાપનાના એક દિવસ અગાઉ ગાંધીજીએ પણ પ્રાર્થનાસભામાં કહ્યું હતું કે, ‘જૂનાગઢ પાકિસ્તાનસે જાના ચાહિયે.’ આરઝી હકૂમતનું પ્રધાનમંડળ તેની સ્થાપના પછીના ત્રીજા દિવસે મુંબઈથી રાજકોટ આવ્યું અને તુરંત બે દિવસ બાદ (૩૦ સપ્ટેમ્બરે) રાજકોટમાંનું ‘જુનાગઢ હાઉસ’ (હાલનું સરદારબાગ અતિથિગૃહ) કબજે કરી રાજકોટમાં પોતાનું સચિવાલય પણ સ્થાપ્યું. ત્યારબાદ આરઝી હકૂમતે જૂનાગઢના આર્થિક બહિષ્કારના કાર્યક્રમને અસરકારક બનાવવા ખૂબ જહેમત લીધી હતી. સૌરાષ્ટ્ર તેમજ ભારતનાં અનેક મોટાં શહેરોમાં જુનાગઢ બહિષ્કાર સમિતિઓ રચાઈ હતી. વિજયા દશમીના દિવસે આરઝી હકુમતે સૌપ્રથમ અમરાપુર ગામ પર કબજો મેળવ્યો હતો. આરઝી હકૂમતની લડતમાં અનેક નામી અને અનામી આગેવાનો - સ્વાતંત્ર્યવીરો જોડાયા હતા.

# સદીઓની સૌની આશા આજે ફળી, રામ મંદિરમાં બાળ રામનું આગમન થઈ ગયું છે!



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

અંતે રામ આયેંગે! રામ આયેંગે! માંથી “રામ આ ગયે” સુધીની સફર પૂરી થઈ. તુલસીદાસજીના શબ્દમાં કહીએ તો દશરથ પુત્ર જનમ સુની કાના, માનો બ્રહ્માનંદ સમાના. ત્રેતા યુગમાં ભગવાન રામનો જન્મ થયો અને એ વધાઈ જ્યારે દાસીઓએ રાજા દશરથને આપી ત્યારે તેને બ્રહ્માનંદની અનુભૂતિ થઈ હતી, અને એ જ અનુભૂતિ ગઈકાલે દરેક હિન્દુ સ્નાતની ભાઈ બહેનોને થઈ. ભારત અને ભારતની બહાર વસતા તમામ હિન્દુ સનાતનીઓએ આ જ રીતે ગઈકાલે રામોત્સવ ને ઉજવ્યો.

સૌને રામ પધાર્યાની ખૂબ ખૂબ વધાઈ! અને બસ આ જ ભાવ સૌનાં અંતરમાં કાયમ રહે. આજે ચૈત્ર સુદ નોમ હોય એ રીતે સૌએ આ ઉત્સવ ને મનાવ્યો, સૌને આ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક એમ ત્રિપરીમાણીય અવસરની પૂરા વિશ્વને રામમંદિર ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ખૂબ ખૂબ વધાઈ. ત્રેતા યુગમાં તો માત્ર ૧૪ વર્ષ પછી રામ પધાર્યા, જ્યારે આપણે તો ૫૦૦ વર્ષ પ્રતીક્ષા કરી ત્યારે રામ પધાર્યા છે. દરેક સનાતનીના મનમાં આજનો દિવસ એક ક્યારેય ન વિસરાય એવી એક સ્મૃતિ જડી દીધી છે. સૌરભ શાહનો લેખ જોતી હતી તો ભગવાન રામના પુત્ર કુશ દ્વારા અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થયું હતું અને યુગે યુગે આ મંદિરનો જીર્ણોદ્ધાર થતો રહ્યો. પણ ત્યારબાદ મુસ્લિમ આક્રમણ ખોરો દ્વારા આ આ મંદિર ને તોડી પાડવામાં આવ્યું, અને બાબરી મસ્જિદ એ ત્યાં સ્થાન લીધું. પછી મુગલ સલ્તનતમાં અકબર રાજાએ ત્યાં થોડી જગ્યામાં ભગવાન રામને સ્થાપિત કર્યા હતાં , એટલે કે પોતાની જ જન્મભૂમિ પર શ્રીરામ ટેન્ટમા રહેતા હતાં,તે છેક આજે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ થયું. કેવું ભવ્ય મંદિર! અને કેવો ભવ્ય સમારંભ! મંદિરનો વ્યાપ! મંદિરનો શણગાર! અને મૂર્તિનું મૌલિક સૌંદર્ય! અને તેનો શણગાર! આ બધું જોઈને અદભૂત! અદભૂત! અદભૂત! અથવા નેતિ નેતિ નેતિ! બસ આ જ ઉદગાર સૌને મોંઢે નીકળ્યા હશે. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંપૂર્ણ પૂજન વિધિ અને એનું એકદમ નજીકથી જન જન જોઈ શકે એવું અદભૂત પ્રસારણ. જેમ જેમ આ ઘડી નજીક આવતી હતી, એમ એમ સૌ મનથી તો અયોધ્યા જ પહોંચી ગયા હતાં , અથવા તો જ્યાં હતાં એને અયોધ્યા ધામ બનાવીને સૌએ રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત પૂજન કર્યુ હોય, એવો ભાવ અનુભવ્યો. કેવી આશ્ચર્યની વાત છે નહીં કે આપણું છે એને આપણું કહેવામાં આપણને ૫૦૦ વર્ષ થયાં! પણ હવે રામ ચરિત્ર એટલું આત્મસાત કરીએ કે આ બધી કસર મિટાવી શકીએ, અને પ્રભુ શ્રી રામ આપણને ક્ષમા કરે!

હિન્દુ સંસ્કૃતિ આપણને માફ કરે! આપણે સૌ જાણીએ છીએ કે રામ એટલે સત્ય અને આપણાં જીવનનું સત્ય મૃત્યુ છે! અને આ જ અંતિમ સત્ય છે! તો જીવનમાં કંઈ જ સાથે લઈ જવાનું નથી, ત્યારે આપણી સંસ્કૃતિ મુજબ માનવતા નિભાવવાનો સંકલ્પ કરી, આ ઉત્સવને કાયમી બનાવી શકાય, અને આજનો આ ઉત્સવ જોઈ સૌ એ જ રીતે જીવશે! એવું દેખાય પણ છે. કળિયુગમાંથી આજ રીતે સતયુગમાં અને ત્રેતાયુગમાં જઈ શકાય! આજે રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે અયોધ્યા રામમંદિર લાઈવ જોયું, કેટલીય હિન્દુ સનાતન ધર્મની શાખાના સાધુઓ આ પ્રોગ્રામ જોવા આવ્યા હતાં, સેલિબ્રિટીઓ આવ્યા હતાં, અને લગભગ બધાનાં મનમાં ભગવાન શ્રી રામ પ્રત્યે અનન્ય શ્રદ્ધા દેખાતી હતી, કે આ મહોત્સવ પછી ભારતનું અર્થતંત્ર એકદમ પ્રબળ બની જશે, સમાજ સુધરી જશે અને અને બધી સમસ્યાઓ જાણે રાતોરાત ખત્મ થઈ જવાની છે, એવી અદમ્ય લાગણી પણ સૌનાં મનમાં તીવ્રપણે દેખાતી હતી. કોઈ એક વ્યક્તિનાં કહેવાથી દેશનો એક એક નાગરિક આ ઉત્સવમાં ભાગ લેવા પોતાની રીતે સજ્જ થઈ જાય! એ શું બતાવે છે?

પ્રથમ તો પ્રભુ શ્રી રામનું ચરિત્ર એટલું શુદ્ધ, સરળ, અને સહજ છે કે એ સૌનાં મનભાવન છે, અને બીજું જેમણે કહ્યું એમની પર અતુલ્ય ભરોસો. ત્રેતા યુગને આટલો લાંબો સમય થયો હોવા છતાં, રામની સ્મૃતિ દરેકના હૃદયમાં અકબંધ છે. યુગો પહેલા પૃથ્વી પર પાપાચાર વધી ગયો હતો, અને પૃથ્વીએ ગાયનું રૂપ ધારણ કરી દેવતાઓ સાથે ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી હતી, અને એના ફળસ્વરૂપે વિષ્ણુના ૨૪ અવતાર માના એક અવતાર તરીકે રામનો જન્મ થયો હતો. રામ જન્મના એક કરતા વધારે કારણો રામાયણમાં દર્શાવાયા છે. આજસુધી લગભગ આ જ પરિસ્થિતિ હતી, હવે કદાચ જુદું પરિણામ મળે. પૃથ્વી પર પાપાચાર પરાકાષ્ઠાએ છે, અને આજે પણ પૃથ્વી ત્રાહિમામ પોકારી રહી છે.પણ શું રામ જન્મશે? એ સવાલ દરેકની ભીતર સળવળી રહ્યો હતો, પણ રામ આ ગયે હૈં! હમારે રામ આ ગયે હૈં! અથવા તો કૃષ્ણ દવેની કવિતા એ આવશે એ આવશે! એ દર્દ એમને સ્પર્શી ગયું અને એ પધારી ચુક્યા. રામ પોતાના મર્યાદા, શીલ, સંસ્કાર, શુદ્ધ ચરિત્ર અને વીરતાનાં વિશેષ ગુણને કારણે લોક માનસમાં અંકિત છે, એવાં રામ જે આરામ, વિરામ, વિશ્રામ, અભિરામ રુપે હવે દેખા દેશે. દેશકાળ પ્રમાણે સતત યુગ પરિવર્તન થતું રહે છે, અને આ ઘટના જ યુગ પરિવર્તન કે યુગ નિર્માણ માટે કારણભૂત બનશે. જોકે સંસ્કારોનું મૂલ્ય પણ બદલાઈ ગયું છે, એટલે આપણે આજે રામ એટલે કે દેશનો નવ યુવાન તપ કરવા વનમાં જાય, એવી કલ્પના ન કરી શકીએ, પણ દરેકને માન આપે, અને દરેકને એનાં સત્ય સાથે સ્વીકારે એટલું આવશ્યક છે.

રામ બનવું અઘરું છે, છતાં લોકોને રામ એટલા જ પ્રિય છે.પરંતુ ભારતીય સમાજની એક વિચિત્ર માનસિકતા છે,કે રામ સૌને પ્રિય છે, અને તેને જોવા પણ છે. પરંતુ રામના ગુણોની રીતે તેને અન્યમાં જોવા છે, ખુદમાં નહીં! એટલે કે કોઈ ને રામ તત્વ ઉજાગર કરવું નથી, પણ હવે રામ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે, અને પૂરાં વિશ્વને સગુન થયાં છે એમ કહી શકાય,આપણી વસુધૈવ કુટુંબકમની ભાવના વગર વિશ્વ શાંતિ ક્યારેય નથી એ સત્ય સમજાઈ જાય. સૌને પિતાના વચન પર જીવન દાવ લગાવવાનો ભાવ થાય, સૌમાં ભાઈ માટે જતું કરવાની ભાવના આવે, સંસ્કૃતિ માટે જીવ જોખમમાં મૂકવાની ઈચ્છા થાય, બધા જ મોજશોખ એટલે કે રાજ મહેલ પણ છોડીને જંગલમાં ભટકવા તૈયાર થાય, ગુરુ વચન પર કંઈ જ વિચાર્યા વગર જો ચાલી નીકળી શકાય, લોકકલ્યાણ અને લોકમંગલ માટે પત્નીને પણ દુશ્મનના હાથમાં જવા દેવા તૈયાર થાય, આવી જ્યારે આપણી માનસિકતા થશે, ત્યારે આપણી ભીતર જ આપણે રામને અનુભવી શકીશું, અને એને બહાર ક્યાંય શોધવા જવાની જરૂર નહીં પડે. પરંતુ એ એટલું સહેલું નથી,કારણ રાવણ વૃત્તિ સમાજમાં એટલી હદે હવે ફૂલીફાલી છે કે, કોઈ એક રામ બને તો અહીં કામ થાય તેમ નથી. એક રાવણ સામે એક રામ જોઈએ, તે રીતે જેટલા રાવણો છે, એટલા જ રામ જ્યારે સમાજમાં ઉભા થાય, તો જ આ સમાજને બદલવો શક્ય છે, અથવા તો રાવણની માનસિકતા વાળો સમાજ રામની માનસિકતા વાળો બની શકે, અને પુનઃ રામરાજ્યની વર્ષોથી સેવેલી આપણી ઝંખના ફળીભૂત થાય. પણ જો અને તો એ ક્યારે શક્ય બનશે એનો પૂર્ણ મદાર આપણી પર જ છે, અને એ બદલવા હવે આપણે સજ્જ થયા છીએ. કોઈ ને મનમાં પ્રશ્ન થાય કે શું કરવું!


તો જો રાવણ વૃત્તિને ભરણ પોષણ આપ વાનું બંધ કરીએ, અને રામના ગુણ પ્રત્યે જાગૃ ત થઈએ, તો આ કામ ફક્ત એક મહિના જેટલા ટૂંકા ગાળામાં પણ થઈ શકે. પરંતુ દરેક જણાએ આમાં જાગૃત થવું પડશે, તો જ આ કામ શક્ય બને,કામ ને બહુ સેવ્યો એટલે કે ભોગ વિલાસ પાછળ બહુ ભટક્યા,અને એનું પરિણામ પણ આપણી નજર સામે છે. સદીઓથી માનવની એક લાક્ષણિકતા છે કે, એ ધારે તો બધું કરી શકે, તો ચંદ ઘડીના આપણા એક સંકલ્પથી આપ ણે યુગનું અંતર પણ કાપી શકીએ તેમ છીએ. સમયને ચક્ર સાથે સરખાવ્યો છે, અને આપણે ત્યાં ચાર યુગની જ વાત થઈ છે,સતયુગ ત્રેતા યુગ, દ્વાપર યુગ,અને કળિયુગ, એટલે આ કળિયુગનું આયુષ્ય પુરું કરવું એ આપણા જ હાથની વાત છે, જે દિવસે સતયુગ જેવી આપણી માનસિકતા થશે એ દિવસે આપણે સતયુગ સુધીની સફર તય કરી લીધી હશે, એ વાત પાક્કી છે, તો હવે રાહ કોની જોવી છે, આપણે બધાએ આપણી ભીતરનાં રાવણ સામે આંતર યુદ્ધ કરવું પડશે, અને જે દિવસે એને પરાસ્ત કરીશું, એ દિવસ રામનાં દર્શન આપણી ભીતર જ થશે, એના દર્શન કરવા અયોધ્યા જવાની જરૂર નહીં પડે! હાલાકી અયોધ્યાના રામ આપણાં આદર્શ છે! અને એને જ આત્મસાત કરીને આપણે એનાં ચરિત્ર સુધી પહોંચવાનું છે. જય શ્રી રામ.

# ઈશ્વર કાંઈ કરતા નથી પણ તેમાં ક્રિયાનો આરોપ કરવામાં આવે છે, ઈશ્વરમાં વિષમતા માયાથી ભાસે છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



જય શ્રી રામ..

હૃદય મનની ખુશી ચરમસીમાએ પહોંચી છે.. મારા રામ આજે અયોધ્યામાં બિરાજ માન થયા..અને આ હરખ કોને ન હોય ?રાજકારણ જે હોય તે પણ પ્રજામાં રામ હરખ જ છે.રાજકારણીઓ તો હવે તેમના આગળનું ધ્યેય પ્રાપ્ત કરવા જ મથામણ કરશે. આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું ઝરણું વહેતું રાખવું છે. ભગવદ્ ગીતા કહ્યું છે કે ઈશ્વર લીલા કરે છે એ વાત પણ સાચી.જે ક્રિયા માં ક્રિયાનું અભિમાન નથી તેલીલા કેશ્વર સ્વેચ્છાથી લીલા કરે છે. ‘હું કરું છું’એવી ભાવના વગર નિષ્કામ ભાવથી જે ક્રિયા કરવામાં આવે તે લીલા. શ્રીકૃષ્ણની લીલા કહેવાય. ઈશ્વરને કોઈ ઈચ્છા નથી. કનૈયો ચોરી કરે છે તે બીજાને માટે. ક્રિયા બાંધે છે પણ લીલા મુક્ત કરે છે. જીવ કરે છે તે ક્રિયા પાછળ સ્વાર્થ, વાસના અને હું કરું છું, તેવું અભિમાન છે તેથી તે ક્રિયા છે, તે બંધનકર્તા છે. બંને સિદ્ધાંતો સાચા છે. ઈશ્વર નિરાકાર નિર્વિકલ્પ છે અને માયા ક્રિયા કરે છે તે સિદ્ધાંત પણ દિવ્ય છે. ઈશ્વર કાંઈ કરતા નથી પણ તેમાં ક્રિયાનો આરોપ કરવામાં આવે છે.ઈશ્વરમાં વિષમતા માયાથી ભાસે છે. ઈશ્વર પરિપૂર્ણ સમ છે.પરમાત્મા સમ છે, જગત વિષમ છે. સમતા ઈશ્વરની છેને વિષમતા છે તે માયાની છે. ઈશ્વર તો સમ છે, પણ માયાથી ઈશ્વરમાં વિષમતા દેખાય છે. ઈશ્વરના અધિ ષ્ઠાનમાં માયા ક્રિયા કરે છે એટલે માયા જે ક્રિયા કરે છે તેનો આરોપ ઈશ્વર ઉપર કરવામાં આવે છે. દીવો કાંઈ કરતો નથી,પણદીવો ન હોય તો કંઈ થઈ શકતું નથી. ભગવાન દૈત્યને મારતા નથી પણ તારે છે.ક્રિયામાં વિષમતા દેખાય છે,પણ ભાવમાં વિષમતા નથી. ભગવાન દૈત્યોને મારે છે,પણ ભગવાનના મારમાં પણ પ્યાર છે. વિષમતા દેખાય છે તે માત્ર માયાને લીધે છે, ખરેખર વિષમતા નથી. પ્રકૃતિના ત્રણ ગુણો છેઃ સત્ત્વગુણ, રજોગુણ તથા તમોગુણ. આત્માના નથી. પરમેશ્વર જીવના ભોગ માટે ઈચ્છે છે, ત્યારે રજો ગુણનાં બળમાં વૃદ્ધિ કરે છે.


જીવો ના પાલન માટે ઈચ્છે છે ત્યારે સત્ત્વગુણના બળમાં વૃદ્ધિ કરે છે અને સંહાર કરવા ઈચ્છે છે, ત્યારે તમોગુણના બળમાં વૃદ્ધિ કરે છે. રાજસૂય યજ્ઞમાં પહેલી પૂજા શ્રીકૃષ્ણની કરવામાં આવી. પણ તે સહન ન થવાથી શિશુપાલ ભગવાનની નિંદા કરવા લાગ્યો. ભગવાને નિંદા સહન કરી પણ છેવટે તેનો વધ કર્યો.શિશુપાલના શરીરમાંથી નીકળેલું આત્મતેજ દ્વારિકાધીશમાં લીન થયું અને તેને સદ્ગતિ મળી. આ કોઈ યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું. તેથી તેણે નારદજીને પૂછ્યું કે, શિશુપાલ તો ભગવાનનો શત્રુ હતો, જતાં એને સદગતિ કેમ મળી? તે નરકમાં કેમ ન ગયો?

કોઈ પણ ભાવથી પરંતુ એક પરમાત્મામાં જ મન એકાકાર થવું જોઈએ.કોઈ પણ ભાવથી નારદ જી કહે, નવાઈ લાગે એવી વાત છે,પણ એ સમજવા માટે પરમાત્મા માં તન્મય થવાની એટલે ભક્તિથી કે પછી દ્વેષથી. ભક્તિ થી ઈશ્વરમાં મન જોડીને ઘણા મનુષ્યો પરમાત્માની ગતિને કોઈ પણ ભાવથી જીવ પ્રભુ પામ્યા છે. તેમ કામથી, દ્વેષથી તથા ભયથી પણ ભગવાનમાં મન જોડી અનેક મનુષ્યો સદગતિ પામ્યા છે. દૃષ્ટાંત તરીકે ગોપીઓ એ ભગવાનને મળવાની તીવ્ર કામનાથી, કંસે ભયથી, શિશુપાલ પોતાના મનને ભગવાનમાં લગાડ્યું. ધર્મરાજ યુધિષ્ઠિરે સ્નેહથી ગોપીઓ શ્રીકૃષ્ણને કામભાવથી ભજતી હતી, પણ જેનું તેઓ ધ્યાન કરે છે તે શ્રીકૃષ્ણ નિષ્કામ છે. નિષ્કામ શ્રીકૃષ્ણનું, ધ્યાન કરતાં ગોપીઓ નિષ્કામ બની.પરમાત્મા પૂર્ણ નિષ્કામ હોવાથી પરમાત્માને અર્પણ કરેલો કામ નિષ્કામ બન્યો. કામનો જન્મ રજોગુણથી થાય છે. ઈશ્વર બુદ્ધિથી પર છે. ઈશ્વર પાસે કામ જઈ શકતો નથી. સૂર્ય પાસે અંધકાર જઈ શકતો નથી, તેમ જેનું ચિંતન કરે છે તે શ્રીકૃષ્ણ નિષ્કામ હોવાથી કામભાવથી શ્રી કૃષ્ણનું ચિંતન કરનાર ગોપીઓ કામ ખોઈ બેઠી અને નિષ્કામ બની ગઈ.કંસ બીકના લીધે તન્મય થયો હતો.તેને દેવકીનો આઠમો જ બધે દેખાય.શિશુપાલ દ્વેષથી પણ ચિંતન ભગવાનનું કરતો હતો. આમ કોઈ પણ ભાવથી ઈશ્વરમાં તન્મય થવાની જરૂર છે. હરકોઈ ઉપાયે ઈશ્વરમાં તન્મય બનો, શ્રી કૃષ્ણમાં લીન બનો. શિશુપાલ સાધારણ માનવી ન હતો,તે વિષ્ણુ ભગવાનનો પાર્ષદ હતો. જયવિજયની વાત આગળ આવી ગઈ છે. તેમાંનો એ એક છે.

નારદજીએ જયવિજયના ત્રણ જન્મોની કથા સંક્ષેપમાં કહી. જય વિજય પહેલા જન્મમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા,બીજા જન્મમાં રાવણ કુંભ કર્ણ અને આ ત્રીજા જન્મમાં શિશુપાલ અને દત વત્ર રૂપે જન્મ્યા છે. પછી નારદજીએ હિરણ્યકશિપુ અને પ્રહલાદની કથા શરૂ કરી. દિતિના બે પુત્રો હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. હિરણ્યાક્ષનો વધ વરાહ ભગવાને કર્યો.હવે હિરણ્ય કશિપુની વાત આવે છે. ધર્મરાજા પૂછે છે, પ્રહલાદ મહાન ભગવદ ભક્ત હતો, છતાં હિરણ્યક શિપુને તેને મારવાની કેમ ઈચ્છા થઈ? નારદજી બોલ્યા, દિતિએ ભેદબુદ્ધિ છે.ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ જન્મે છે. મમતા અને અહંકાર જન્મે છે. આ’હું’ અને’મારું’ ભેદ બુદ્ધિનાં સંતાનો છે. સર્વ દુઃખનું મૂળ ભેદ બુદ્ધિ છે.

સર્વ સુખ નું મૂળ અભેદ ભાવ છે. અભેદભાવ શરીરથી નહીં બુદ્ધિ થી થાય તો સર્વમાં સમભાવ આવે છે. અહંકારને મારવો કઠણ છે. વિવેક થી મમતાનો નાશ થઈ શકે, પરંતુ અહંભાવનો નાશ થઈ અને માથી ન અર્પણ કરઆર પોતાના હુંપણા નું પણ અર્પણ કરે તો ઠાકોરજી કૃપા કરે છે. મારામાં નથી માનવું એ પણ અભિમાન છે.આવ્યા અને હિરણ્યકશિપુ જે જગ્યાએ તપ કરવા બેઠેલો તેની નજીકના વૃક્ષ ઉપર બેસી નારાયણ, નારા યણ એમ બોલવા લાગ્યા. હિરણ્યકશિપુ મંત્રનો જપ કરવા લાગે,ને સામે પોપટ નારાયણ નારાયણ બોલે. હિરણ્યકશિપુને થયું,જે વિષ્ણુને મારવા હું તપ શ્ચર્યા કરું છું, તેનું આમ નામ સાંભળવું પડે એ તો અપશુકન કહેવાય. માટે આજે હું તપ માં નહીં બેસું. કંટાળીને એ ઘરે આવતો રહ્યો. પતિ તે જ દિવસે ઘરે પાછા આવ્યા તેથી કયાધુને આશ્ચર્ય થયું. પરંતુ સીધે સીધું કારણ પતિને પૂછાય તેમ ન હતું.

કયાધુએ વિચાર્યું, યુક્તિથી કામ કરીશ તો કારણ જાણી શકાશે. પતિની ખાનગી વાત જાણવી હોય તો આ કયાધુને ગુરુ કરજો. ભોજનમાં વશીકરણ હોય છે. નોકરોને આજ્ઞા કરી, મારા પતિ દેવને માટે હું જ રસોઈ બનાવીશ. એ હતી માનસ શાસ્ત્ર જાણનારી. સ્ત્રી માત્ર આટલું માનસ શાસ્ત્ર જાણતી હોય છે કે, પતિને કેવી રીતે પ્રસન્ન કરવો.કહ્યું છે કે લોભી ને દ્રવ્યથી વશ કરવો.અભિમાનીને વખાણથી વશ કરવો. ભોજે કાલિદાસને એક વખત પૂછ્યું કે, દુનિયામાં ખાંડ કરતાં ગળ્યું શું?કાલિદાસે પટ જવાબ આપ્યો કે,વખાણ! હિરણ્યકશિપુ અભિમાની હતો. કયાધુએ વખાણ શરૂ કર્યા. કહે,ઈન્દ્રચંદ્રાદિ દેવો તમારાથી થર થર કાંપે છે.આપના જેવો વીર થયો નથી અને થવાનો નથી. હું ભાગ્યશાળી કે આપ જેવા પતિ મને મળ્યા! ધારેલું કામ કર્યા વગર તમે પાછા ફરો એ બને જ નહીં. હું તો દશ હજાર વર્ષે તમારાં દર્શન થશે એવું ધારતી હતી!



# શાહરુખ ખાને એરપોર્ટ પર આ હટકે રીતે મારી એન્ટ્રી

## કિંગ ખાન એરપોર્ટ લુકમાં રિપ્ડ જીન્સની સાથે ટી-શર્ટ પહેરી હતી, શાહરુખ ખાનની પોનીટેલ પર ફેન્સની નજર ટકી ગઇ છે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સુપર સ્ટાર શાહરુખ ખાન હંમેશા લાઈમલાઈટ રહે છે. શાહરુખ ખાન એની એક્ટિંગ સિવાય એના અંદાજથી પણ લોકો દિલમાં રાજ કરે છે. શાહરુખ ખાનને જોઈને પૈપરાઝી પણ જાણે એકદમ એલર્ટ થઈ ગયા હોય એવું લાગ્યુ. પૈપરાઝીએ શાહરુખનની આગવી અદાઓ કેમેરામાં કેદ કરી લીધી છે. હાલમાં શાહરુખ ખાનની આ લેટેસ્ટ તસવીરો વાયરલ થઈ રહી છે. આ તસવીરોએ ફેન્સનું ધ્યાન ખેંચ્યુ છે. કિંગ ખાન મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યો. કિંગ ખાન જેમ કારની નીચે ઉતર્યો એમ તરત જ પૈપરાઝી એની તસવીરો ક્લિક કરવા લાગ્યા. પૈપરાઝીએ શાહરુખ ખાનની એકથી એક તસવીરો મસ્ત ક્લિક કરી. શાહરુખ ખાનની સાથે એની મેનેજર પૂજા દદલાની પણ નજરે પડી હતી.

શાહરુખ ખાનની આ નવી તસવીરો સોશિયલ મિડીયામાં વાયરલ થઈ છે. કિંગ ખાનની આ તસવીરો ફેન્સને ખૂબ પસંદ પડી રહી છે. શાહરુખ ખાનની તસવીરો જોઈને એક ફેને લખ્યુ છે કે અમારા દિલનો કિંગ છે, જ્યારે એક ફેને લખ્યુ છે કે દુનિયાનો સૌથી મોટો એક્ટર. આમ, વાત કરવામાં આવે તો શાહરુખનો ફેન્સ વર્ગ બહુ મોટો છે. શાહરુખની તસવીરો અને વિડીયો હંમેશા ફેન્સને પસંદ પડે એવા હોય છે. શાહરુખના વિડીયો પણ એકદમ દમદાર હોય છે. કિંગ ખાન એરપોર્ટ લુકમાં રિપ્ડ જીન્સની સાથે ટી-શર્ટ પહેરી હતી. શાહરુખ ખાનની પોનીટેલ પર ફેન્સની નજર ટકી ગઈ છે. હંમેશા કિંગ ખાનનો સુપર-ડુપર અંદાજ ફેન્સને ઘાયલ કરી દે એવો હોય છે. શાહરુખ ખાનના વર્કફ્રન્ટની વાત કરીએ તો છેલ્લે ડંકી મુવીમાં જોવા મળ્યો હતો.



શાહરુખ ખાનનો સુપર કુલ લુક જોઇને તમે પણ ફિદા થઇ જશો

### મહેશને વર્કિંગ વાઈફ જોઈતી ન હતી.

# મહેશ બાબુ સાથે લગ્ન કરવા નમ્રતા શિરોડકરે દાવ પર લગાવ્યું હતું પોતાનું કરિયર

## ૨૦૦૫માં મહેશ બાબુ સાથેના લગ્ન બાદ અભિનેત્રી નમ્રતાએ ફિલ્મી કરિયરને અલવિદા કહી દીધું હતું

૨૦૦૫માં મહેશ બાબુ સાથેના લગ્ન બાદ નમ્રતાએ ફિલ્મી કરિયરને અલવિદા કહી દીધું હતું. પરંતુ આજે પણ અભિનેત્રી ખૂબ જ સ્ટાઈલિશ અને વૈભવી જીવન જીવે છે. નમ્રતાએ બ્યુટી કોન્ટેસ્ટથી લઈને મોડલિંગ અને ફિલ્મો સુધી ઘણું કામ કર્યું હતું પરંતુ બાદમાં તે તેનાથી દૂર થઈ ગઈ અને પોતાના અંગત જીવનમાં વ્યસ્ત થઈ ગઈ. બધા જાણે છે કે મહેશને વર્કિંગ વાઈફ જોઈતી ન હતી. નમ્રતાએ શેર કર્યું કે તેને ફિલ્મો છોડવાનો કોઈ અફસોસ નથી. નમ્રતા અને મહેશે ન્યૂઝીલેન્ડમાં ફિલ્મ વામ્સી માટે પર દિવસ સુધી શૂટિંગ કર્યું હતું. આ તે સમય હતો જ્યારે તેમને એકબીજાને સારી રીતે જાણવાનો મોકો મળ્યો અને અંતે તેઓએ ડેટિંગ કરવાનું શરૂ કર્યું, ત્યારબાદ બંનેએ લગ્ન કરી લીધા.

વાસ્તવ અને પુકાર જેવી હિટ ફિલ્મોનો ભાગ રહી ચૂકેલી નમ્રતાએ સેલિબ્રિટી જર્નાલિસ્ટ પ્રેમા સાથેની એક મુલાકાતમાં કહ્યું હતું કે તેણે ક્યારેય તેના જીવનની યોજના બનાવી નથી અને જ્યારે તે મહેશને મળી ત્યારે તે સ્પષ્ટ હતી કે ફિલ્મો અને કરિયરમાં એટલું મહત્વનું નથી જેટલું તેની સાથે હોવું જોઈએ. તેણી જેને પ્રેમ કરતી હતી. નમ્રતાએ કહ્યું, ‘‘મને અફસોસ નથી. મારા માટે મેં શરૂઆતથી જ કંઈપણ પ્લાન કર્યું ન હતું. જ્યારથી મેં શાળા પૂર્ણ કરી ત્યારથી મને ખાતરી નહોતી કે હું શું કરવા માંગુ છું. મને મોડેલિંગ કરવાનો મોકો મળ્યો અને મને તેમાં સફળતા મળી પછી આગળનું પગલું અભિનયનું હતું તેથી હું ફિલ્મોમાં આવી જ્યાં હું મહેશને મળી અને અમે લગ્ન કર્યા હતા. તેણે કહ્યું, મને લાગે છે કે આ મારી સફરનો સૌથી સુંદર ભાગ હતો.

મને નથી લાગતું કે ફિલ્મો મહત્વપૂર્ણ છે, મને તે સમયે કારકિર્દી મહત્વપૂર્ણ લાગતી નહોતી. નમ્રતાએ ૧૯૯૩ માં મિસ ફેમિનાનો ખિતાબ પણ જીત્યો હતો, તે હવે નિર્માતા છે અને પુત્ર ગૌતમ અને પુત્રી સિથારાની માતા છે. અત્યારે પણ જો તેને કોઈ રોલ ઓફર કરવામાં આવે છે તો તે તેને ફગાવી દે છે.



# દીપિકા પાદુકોણ ૨૦૨૪માં પણ હોલિવૂડ બોક્સ ઓફિસ પર કબજો કરતી જોવા મળશે

## એવું કહેવામાં આવી રહ્યું છે કે દીપિકા પાદુકોણ ટૂંક સમયમાં HBO ની લોકપ્રિય ટીવી સીરિઝ ધ વ્હાઇટ લોટસમાં જોવા મળી શકે છે

દીપિકા પાદુકોણ આ દિવસોમાં ફાઈટર માટે ચર્ચામાં આવેલી છે. ૨૫ જાન્યુઆરીએ થિયેટરમાં રિલીઝ થનારી આ ફિલ્મની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન ફાઈટરની ચર્ચા વચ્ચે દીપિકાના આગામી પ્રોજેક્ટ પર એક મોટો ખુલાસો થયો છે. ખરેખર આ તેના હોલીવુડ પ્રોજેક્ટ પર છે. મળતા રિપોર્ટ્સ અનુસાર દીપિકાને હોલિવૂડની વેબ સિરીઝ મળી છે.

આ સિરીઝમાં અભિનેત્રી હોલીવુડના મોટા સ્ટાર્સ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળવાની છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે દીપિકા પાદુકોણ ટૂંક સમયમાં HBOની લોકપ્રિય ટીવી સીરિઝ ધ વ્હાઈટ લોટસમાં જોવા મળી શકે છે. જો કે અભિનેત્રી અને નિર્માતાઓ તરફથી આ પ્રોજેક્ટ અંગે ન તો કોઈ ખુલાસો કરવામાં આવ્યો છે કે ન તો કોઈ ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી છે. પરંતુ જો આમાં થોડું પણ સત્ય હશે, તો દીપિકા ફરી એકવાર તેના ચાહકોને હોલીવુડ બોક્સ ઓફિસ પર કબજો કરતી જોવા મળશે.

વાસ્તવમાં દીપિકા પાદુકોણની સાસુ અંજુ ભવનાનીએ આ સમાચારને લઈને સોશિયલ મીડિયા પર કેટલાક સંકેતો આપ્યા હતા. આ પછી લોકોએ અભિનેત્રીના હોલીવુડ પ્રોજેક્ટ વિશે અટકળો શરૂ કરી છે. ધ વ્હાઈટ લોટસ સીઝન ૩ને એમી એવોર્ડ પણ મળ્યો છે. તેની છેલ્લી સીઝનમાં હોલીવુડ અભિનેતા થિયો જેમ્સ, જેનિફર કુલિજ અને ઓબ્રે પ્લાઝા જેવા સ્ટાર્સ જોવા મળ્યા હતા. હવે જો દીપિકા તેની નવી સિઝનમાં જોવા મળે છે, તો તે તેના ચાહકો માટે કોઈ ભેટથી ઓછી નહીં હોય. દીપિકા પાદુકોણના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેની આગામી ફિલ્મોનું લિસ્ટ પણ આવી ગયું છે. ફાઈટર સિવાય તે આ વર્ષે વધુ ૫ ફિલ્મો કરી રહી છે. આ વર્ષે દીપિકાનું બોલિવૂડમાં રાજ રહેશે. આ યાદીમાં રોહિત શેટ્ટીની સિંઘમ ૩, જીજી રાજામૌલીની અનટાઈટલ્ડ ફિલ્મ, બ્રહ્માસ્ત્ર ૨, ધ ઈન્ટર્ન, કલ્કીનો સમાવેશ થાય છે.





### રશ્મિકાએ એનિમલમાં રણબીર કપૂરની પત્નીનો રોલ કર્યો છે

# એનિમલનો એક એવો સીન, જે બાદ રશ્મિકા મંદાના ખૂબ રડી

## રશ્મિકાએ કહ્યું આખી સિક્વન્સ એક જ વારમાં કરવાની હતી કારણ કે તેમાં ઘણું બધું થઈ રહ્યું હતું

બોલિવૂડ સુપરસ્ટાર રણબીર કપૂરની ફિલ્મ એનિમલએ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી દીધી છે. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં રણબીર સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં હતી અને તૃપ્તિ ડિમરી પણ જોવા મળી હતી. રશ્મિકા મંદાનાએ ફિલ્મમાં રણબીર કપૂરની પત્નીની ભૂમિકા ભજવી હતી અને અભિનેતા સાથે કેટલાક બોલ્ડ દ્રશ્યો પણ આપ્યા હતા. રશ્મિકાએ એનિમલમાં રણબીર સાથે કેટલાક કિસિંગ સીન પણ આપ્યા છે. જો કે, હવે અભિનેત્રીએ ફિલ્મના સીનનો ખુલાસો કર્યો છે, જેના પછી તે સેટ પર રડી પડી હતી. આટલું જ નહીં, આ સીન કર્યા પછી તે રણબીર કપૂર પાસે પણ ગઈ અને ચર્ચા કરી હતી. રશ્મિકા મંદન્નાએ ફિલ્મ એનિમલમાં રણબીર કપૂરને થપ્પડ મારતા તે સીન વિશે ખુલીને વાત કરી હતી. ગયા મહિને રિલીઝ થયેલી સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ બ્લોકબસ્ટર રહી હતી. ફિલ્મના એક દ્રશ્યમાં તે અભિનેતાના પાત્ર રણવિજયને થપ્પડ મારતી જોવા મળી હતી. હવે એક નવા ઈન્ટરવ્યુમાં રશ્મિકાએ આ સીન વિશે ખુલાસો કર્યો હતો અને કહ્યું હતુ કે આ સીન શૂટ કર્યા બાદ તે રડી પડી હતી. વાત કરતાં રશ્મિકાએ કહ્યું આખી સિક્વન્સ એક જ વારમાં કરવાની હતી કારણ કે તેમાં ઘણું બધું થઈ રહ્યું હતું. તે ધાર્યું ન હતું. મને ખબર ન હતી કે હું શું કરવા જઈ રહી છું. સંદીપે માત્ર મને એ અનુભવવા કહ્યું કે આ સ્થિતિમાં કોઈને કેવું લાગશે. બસ આ યાદ રાખવાનું છે. મને એક્શન અને કટ વચ્ચે કંઈ યાદ નથી. હું તેને પ્રેસોસ કરી શકતી નથી, મારું મગજ બિલકુલ ખાલી થઈ રહ્યું હતું. અભિનેત્રીએ આગળ કહ્યું આ સીન શૂટ કર્યા પછી હું ખરેખર રડી પડી હતી. મેં રણબીરને થપ્પડ મારી છે. હું માત્ર આ બૂમો પાડી રહી હતી. આ અંગે અફરાતફરી થઈ ગઈ. પછી હું રણબીર પાસે ગઈ અને પૂછ્યું - શું તે ઠીક હતું? તમે ઠીક છો? અમે આ સિક્વેન્સ અડધા દિવસમાં પૂરું કર્યું. મને તે ઠીક લાગ્યું અને ફીલ થયું કે એક અભિનેતા તરીકે બેસ્ટ લેવલ હતું. લોકો દર વખતે આવી સિક્વન્સ લખી શકતા નથી. હું ખુશ છું કે મેં આ ફિલ્મ કરી, આ સિક્વન્સ એટલી સારી રીતે કરી. હું પોતે આને લઇ સરપ્રાઇઝ હતી. એનિમલની વાત કરીએ તો આ ફિલ્મ એક માણસ અને તેના પિતા વચ્ચેના ટોક્સિક સંબંધોની આસપાસ ફરે છે.

### સના પાક.ની ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અભિનેત્રી

# શોએબ મલિકે પાકિસ્તાની અભિનેત્રી સાથે પોતાના લગ્નનો ફોટો શેર કરીને બધાને ચોંકાવ્યા

## શોએબ મલિકે ફેમિલી ફંક્શનમાં સના જાવેદ સાથે લગ્ન કર્યા હતા, દરેક જગ્યાએ સવાલ છે કે હવે સાનિયા મિર્ઝાનું શું થશે



પાકિસ્તાની ક્રિકેટમાંથી એક ચોંકાવનારા સામાચાર સામે આવ્યા છે. ક્રિકેટર શોએબ મલિકે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે બીજા લગ્ન કર્યા છે. બંનેના લગ્ન ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા અને પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકના અલગ થવાની ચર્ચા વચ્ચે થયા હતા. આ કપલે ૨૦ જાન્યુઆરીએ સોશિયલ મીડિયા પર તેમના લગ્નની તસવીરો શેર કરી હતી. હાલમાં જ સાનિયાએ તેના લગ્ન વિશે એક પોસ્ટ કરી હતી, જેણે ભારે ચકચાર જગાવી હતી. હવે આ ક્રિકેટરે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે પોતાના લગ્નનો ફોટો શેર કરીને બધાને ચોંકાવી દીધા છે. સના જાવેદ પાકિસ્તાની ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક છે. લાંબા સમયથી શોએબ અને સાનિયા મિર્ઝાના અલગ થવાની અફવાઓ ચાલી રહી હતી. એવામાં આ તસવીર પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે શોએબ મલિકે બીજા લગ્ન કર્યા છે, આવી સ્થિતિમાં દરેક વ્યક્તિ તેની નવી પત્ની વિશે જાણવા માંગે છે. તમને જણાવી દઈએ કે, શોએબ મલિકે આયેશા ઉમર સાથે લગ્ન કર્યા નથી. તેણે અન્ય એક પાકિસ્તાની અભિનેત્રીને પોતાની પત્ની બનાવી છે, જેનું નામ સના જાવેદ છે. શોએબ મલિકે ફેમિલી ફંક્શનમાં સના જાવેદ સાથે લગ્ન કર્યા હતા. દરેક જગ્યાએ સવાલ છે કે હવે સાનિયા મિર્ઝાનું શું થશે. આ ઉપરાંત શોએબ મલિક અને સાનિયા મિર્ઝાના છૂટાછેડા થઈ ગયા છે કે કેમ તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે. આ સાથે જ સવાલ એ પણ ઉઠી રહ્યો છે કે સના જાવેદ કોણ છે? તેણે ૨૦૦૭માં રિલીઝ થયેલી પાકિસ્તાની ફિલ્મ ‘મેહરુનિસા વી લવ યુ’માં દાનિશ તૈમુર સાથે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ સિવાય તે બિલાલ અશરફ સાથે ‘રંગરેજા’માં પણ જોવા મળી છે.

# ઝાલોદ તાલુકાના ગરાડુ ગામના ખોવાઈ ગયેલ વ્યક્તિને મિલન કરાવતી બાંસવાડાની સદભાવના સંસ્થા

## નગરના સામાજિક કાર્યકર મનીષ પંચાલ દ્વારા ગરાડું ખાતે ખોવાઈ ગયેલ વ્યક્તિના પરીજનો સાથે સંપર્ક કરી મીલન કરાવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ઝાલોદ તાલુકાના ગરાડુ ગામના કમલેશભાઈ ૩૫ દિવસ થી ધરે કહ્યા વગર ચાલ્યા ગયા હતા તેમના પરિવારજનો દ્વારા તેમની ખુબ શોધખોળ કરવામા આવી હતી. આસપાસના દરેક વિસ્તારોમાં તેઓ દ્વારા ઘર છોડી ગયેલ વ્યક્તિની શોધખોળ કરી પણ કોઈ પણ જાતના સમાચાર મળ્યા ન હતા. ગરાડું ગામે થી કહ્યાં વગર ચાલી ગયેલ વ્યક્તિ બાંસવાડા નીકળી ગયેલ હતી. આ વ્યક્તિનું દિમાગ થોડું અસ્થિર હતું તેઓ બાંસવાડામા અલગ અલગ વિસ્તારમાં ફરતા જોવાતા ત્યાંની સેવાકીય સંસ્થાની તેના પર નજર પડી હતી. બાંસવાડામાં નરેશભાઈ પાટીરની સંસ્થા સદભાવના સંસ્થાના દ્વારા તેનમે રાખી કમલેશભાઈની સેવા કરવામા આવી અને તેમની




ઉંડાણ પૂર્વક પુછપરછ કરાતા ઝાલોદ તાલુકાના ગરાડુ ગામના હોવાની જાણ થતાં પિયુષભાઈએ ઝાલોદના સામાજિક કાર્યકર મનિષભાઈ પંચાલનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ મનિષભાઈ પંચાલ દ્વારા ગરાડુના મેહુલભાઈ વાલ્મિકીનો સંપર્ક કરવામાં આવ્યો અને તેમણે ખોવાઈ ગયેલ વ્યક્તિના પરિવારનો સંપર્ક કરી જણાવીને ૩૫ દિવસ થી અસ્થિર વ્યકિતનુ પરિવાર સાથે પુનઃ મીલન કરાવ્યુ હતું.

# અયોધ્યામાં ભગવાનશ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે શ્રી રામના આગમનને લઈને શેખપાટ ખાતે આયોજિત કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા

। જામનગર, તા.૨૩ ।

અયોધ્યા ખાતે આયોજીત ભગવાનશ્રી રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને દેશભરમાં નાના મોટા મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે જામનગર તાલુકાના શેખપાટ ખાતે સમસ્ત સતવારા સમાજ દ્વારા આયોજિત ભગવાનશ્રી રામના આગમનને લઈને રામધૂન, શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ અયોધ્યામાં ભગવાનશ્રી રામની મૂર્તિ બિરાજમાન થવા બદલ સમગ્ર દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા. શેખપાટ ગામે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવા બદલ ગ્રામજનો અને આગેવાનોને પણ શુભકામનાઓ પાઠવી હતી. આ તકે મંત્રીશ્રી સાથે અગ્રણીઓ શ્રી મુકુન્દભાઈ સભાયા, શ્રી કુમારપાળસિંહ રાણા, શ્રી ગિરીરાજસિંહ જાડેજા, શ્રી માવજીભાઈ, તાલુકા પંચાયતના સદસ્ય શ્રીમતી નયનાબેન, સરપંચ શ્રીમતી હંસાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ વણકતલાઇ મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને શોભાયાત્રાના સમાપન પછી દીપોત્સવ ઉજવાયો

## અગ્રવાલ સમાજની મહિલાઓ દ્વારા શ્રી રામ લખી દીવડા પ્રગટાવી રામધૂન સાથે ભજન કર્યા






। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ઝાલોદ નગરમાં રામમંદિર પ્રતિષ્ઠા મહોત્સવને ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.નગરમાં રામ ભગવાનની શોભાયાત્રાનું સમાપન વણકતલાઇ મંદિર ખાતે કરવામાં આવ્યું ત્યાં ઉપસ્થિત સહુ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો ઉપસ્થિત સહુ લોકો પ્રભુ શ્રી રામના કાર્યમા જોડાવા તે બદલ પોતાને ધન્ય સમજતા હતા. સાંજે સાત વાગે અગ્રવાલ સમાજની મહિલાઓ સહુ વણકતલાઇ મંદિરે ઉપસ્થિત રહી ભગવાન શ્રી રામના મંદિર આગળ શ્રી રામ લખી દીપોત્સવ પ્રસંગ ઉજવ્યો હતો. દીપોત્સવ પ્રસંગ ઊજવણી કરતા સહુ મહિલાઓ રામધૂન સાથે ભગવાન શ્રી રામના ભજન કરી રામમય બની ગયેલ હતી. ઉપસ્થિત સહુ મહિલાઓના ચહેરા પર પ્રભુ શ્રીરામને વધાવવાનો અનેરો ભાવ જોવા મળતો હતો.

# ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ-વીવીપેટની માહિતી અંગે ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમ યોજાયો

## એલ.ઈ.ડી મોબાઈલ વાન દ્વારા સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં તબક્કાવાર થશે નિર્દેશન

। (માહિતી) ગીર સોમનાથ, તા.૨૩ ।

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને લઈને ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવાના કેમ્પેઈન પણ શરૂ છે, તો ઈવીએમ અને વીવીપેટ દ્વારા મત કેવી રીતે આપવાથી લઈ તમામ જાણકારી મતદારોને આપવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ નિદર્શનના જાહેર કાર્યક્રમોનું પણ આયોજન કરવામા આવી રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ઈણાજ ખાતેના જિલ્લા સેવા સદનના પરિસરમાં જિલ્લા કલેક્ટરશ્રી એચ. કે.વઢવાણિયાની ઉપસ્થિતિમાં ઈવીએમ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

લોકસભા ચૂંટણીને લક્ષમાં લઈ સમગ્ર મતદારો, એમાં પણ ખાસ કરી યુવા મતદારો અને ગ્રામ્ય મતદારો ઈવીએમ અને વીવીપેટ અંગે માહિતગાર થાય અને મતદારોમાં જાગૃતિ વધે તે હેતુસર આ કાર્યક્રમ યોજાયો હતો. ઈવીએમ અને વીવીપેટ નિદર્શન માટે ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા ફાળવેલ એલ.ઈ.ડી મોબાઈલ વાન દ્વારા સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારમાં તબક્કાવાર નિર્દેશન કરવામાં આવશે. જે અંતર્ગત ૯૦-સોમનાથ



વિધાનસભા મતવિભાગમાં તા.૧૯-૦૧-૨૦૨૪થી તા.૩૦-૦૧-૨૦૨૪ સુધી, ૯૧-તાલાલામાં તા.૩૧-૦૧-૨૦૨૪થી તા.૦૮-૦૨-૨૦૨૪ સુધી, ૯૨-કોડીનારમાં તા.૦૯-૦૨-૨૦૨૪થી તા.૧૭-૦૨-૨૦૨૪ સુધી જ્યારે ૯૩-ઉનામાં તા.૧૮-૦૨-૨૦૨૪થી તા.૨૯-૦૨-૨૦૨૪ દરમિયાન મોબાઈલ વાનના માધ્યમથી સમગ્ર જાણકારી આપ વામાં આવશે. ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર શ્રી કે.વી.બાટી દ્વારા મહત્તમ નાગરિકો ઈવીએમ તેમજ વીવીપેટની કાર્યપદ્ધતિથી માહિતગાર થાય તે અંગે અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પલ્લવી બારૈયા તેમજ અન્ય કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પોરબંદરમા જિલ્લાકક્ષાની "જુડો" અને "બેડમિન્ટન" સહિત સ્પર્ધા યોજાઇ



। (માહિતી બ્યુરો) પોરબંદર, તા.૨૩ ।

પોરબંદર તા,૨૨. ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, પોરબંદર દ્વારા સંચાલિત "ખેલ મહાકુંભ ૨.૦" અંતર્ગત તારીખ ૨૦ ના રોજ જીલ્લાકક્ષાની સ્પર્ધાઓ યોજાઇ હતી. જેમાં જિલ્લાકક્ષાની "જુડો" અને "બેડમિન્ટન" ની સ્પર્ધા સરદાર પટેલ રમત સંકુલ પોરબંદર ખાતે કરવામાં આવ્યું હતુ. ઉપરાંત જિલ્લા-કક્ષાની "આર્ચરી" સ્પર્ધા સરદાર પટેલ રમત સંકુલ પોરબંદર અને જિલ્લાકક્ષાની "રગ્બી" સ્પર્ધા સુદામાજી આદર્શ નિવાસી શાળા પોરબંદર ખાતે યોજાઇ હતી.

# એક શ્વાન આંતકવાદીને ઘુંટણીએ લાવી, સરેન્ડર કરવા મજબૂર કરશે

# ૨૬મી જાન્યુઆરીએ ડોગ શોમાં ગુજરાત શ્વાનદળ દ્વારા અચંબિત કરી દેતા કરતબો જોવા મળશે

## લેબ્રાડોર, જર્મનશેફર્ડ અને બેલ્જિયમમલીનોઈઝ જાતિના શ્વાન ડોગ શોમાં ભાગ લેશે

। (પ્રતિનિધી) જૂનાગઢ, તા.૨૩ ।

એક શ્વાન કેવી રીતે માનવ જિંદગી બચાવે છે, આંતકવાદીઓને કેવી રીતે ઘુંટણીએ લાવી દે છે અને કેવી રીતે જમીનદોસ્ત કરી દે છે. ઉપરાંત શ્વાનના દાંતની પકડ એટલી મજબૂત હોય છે આતંકવાદી તેનો પીછો છોડાવી શકતો નથી. ઉપરાંત શ્વાનના ઝડપથી સળગતી આડસો અને રિંગમાંથી પસાર થતાં હેરતઅંગેજ અને અચંબિત કરી દેતા કરતબ તા.૨૬મી જાન્યુઆરીએ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર પ્રજાસત્તાક દિનના ધ્વજ વંદનના કાર્યક્રમમાં જોવા મળશે.

૭૫માં પ્રજાસત્તાક દિનની રાજ્ય કક્ષાની ઉજવણી માટે જૂનાગઢ જીલ્લો યજમાન બન્યો છે, ત્યારે દેશ ભક્તિ સભર જુદા-જુદી પ્રસ્તુતિઓ થવાની છે આ સાથે ડોગ શો પણ વિશેષ આકર્ષણ જમાવશે. આ ડોગ શો માટે જહેમત ઉઠાવી રહેલા હેડ કોન્સ્ટેબલ શ્રી હનુભા જાડેજા જણાવે છે કે, અસાલ્ટ ડોગ બસ ઈન્ટરવેન્સનમાં એક આતંકવાદી બસમાં છુપાયેલો હશે, તેને શ્વાન કેવી રીતે જમીન દોસ્ત કરીને સરેન્ડર કરવા મજબૂર કરે છે, તેનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવશે. ફાયર જંપમાં અવરોધોને પાર કરીને શ્વાન સળગતી રિંગમાંથી પસાર થશે. ઓબીડીયન્સ ડેમોમાં ડોગ હેન્ડલર



જે મુજબ આદેશ આપે તે મુજબ શ્વાન અદેશોનું પાલન કરતો જોવા મળશે. જેમ કે શીટ એટલે બેસી જવું, રોલ એટલે પલટી ખાવી. તેવી જ રીતે અપ, ડાઉન, રેસ્ટ જેવા ડોગ ને કમાન્ડ આપવામાં આવશે અને શ્વાન તેનું અનુસરણ કરતા જોવા મળશે. આ ડોગ શોમાં લેબ્રાડોર, જર્મનશેફર્ડ અને બેલ્જિયમમલીનોઈઝ જાતિના ડોગ ભાગ લઈ રહ્યા છે. આ શ્વાનોને ટ્રેકર, સ્નીફર, નાર્કોટિક્સ, અસાલ્ટ જેવી અલગ અલગ પ્રકારની તાલીમ શ્વાન તાલીમ કેન્દ્ર, સૈજપુર બોઘા અમદાવાદ ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ અપાય છે. શ્વાન એક વફાદાર પ્રાણી માનવામાં આવે છે તેની ઊંઘવાની વિશેષ શક્તિના કારણે ઘણા ગુનાઓ ઉકેલવામાં તેની મહત્વની ભૂમિકા હોય છે. આમ, રાજ્યમાં બનતા ગુન્હાઓને શોધવામાં શ્વાનદળ મદદરૂપ થાય છે. તેમ હનુભા જાડેજાએ જણાવ્યું હતું.

# કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ બી.ટી. સવાણી હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત લીધી

। (માહિતી) રાજકોટ, તા.૨૩ ।

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તેમજ રસાયણ અને ખાતર મંત્રાલયના મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયાએ બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

હોસ્પિટલની મુલાકાત દરમિયાન મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા હોસ્પીટલના સેવાકીય કાર્યોથી પ્રભાવિત થયા હતા. તેમણે આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલને ઉદભવતા પ્રશ્નો શાંતિથી સાંભળ્યા હતા. આ ચર્ચા દરમિયાન આયુષ્માન ભારત યોજના અંતર્ગત હોસ્પીટલને થતાં પોલીસી લગત પ્રશ્નો જેવા કે, ઈન્સ્યોરન્સ કંપનીઓ દ્વારા થતી વિલંબિત ચુકવણી, બિનજરૂરી રીજેકશન, પેમેન્ટમાં બિનજરૂરી કપાત વગેરેનો ઉકેલ આપવાની મંત્રીશ્રીએ બાંયધરી આપી હતી.

આ ઉપરાંત કેડેવર કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે અંગદાન બાદ અંગની ફાળવણીની સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (SOTTO) ની નીતિના બદલે તાત્કાલિક



ધોરણે નેશનલ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO)ની ગાઈડલાઈન્સની અમલવારી કરવા ખાત્રી આપી હતી, NOTTO પોલીસી લાગુ થતાં દરેક વિસ્તારના કિડની ફેલ્યોરના દર્દીઓને નજીકના ટ્રાન્સપ્લાન્ટ સેન્ટરમાં સગવડ મળી શકશે. મંત્રીશ્રીએ અંગદાનનો સંકલ્પ લીધો હતો. તથા આરોગ્ય ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અને પબ્લિક-પ્રાઈવેટ સહયોગ વિષે ટ્રસ્ટી ડો. વિવેક જોષી, ડો. પ્રદીપ કણસાગરા, શ્રી રમેશભાઈ પટેલ, અને શ્રી નાનુભાઈ મકવાણા અને બીજા મહાનુભાવો સાથે ચર્ચા કરી હતી. આ પ્રસંગે ડૉ.વલ્લભભાઈ કથીરિયા, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, ડૉ. દર્શીતાબેન શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા 'સાંસદ ખેલ અને સાંસ્કૃતિક સ્પર્ધા'નો તાલુકા કક્ષાથીએ પ્રારંભ કરાવતા એન.સી.યુ.આઈ.ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી

। (માહિતી) અમરેલી, તા.૨૩ ।

અમરેલી જિલ્લાના રમતવીરોમાં રહેલી પ્રતિભાનો સૌને પરિચય થાય તથા કલાકારોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાના શુભ હેતુ સાથે રાજ્યસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય પશુપાલાન, મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાના માર્ગદર્શનમાં 'સાંસદ ખેલ સ્પર્ધા અને સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કડીના ભાગરુપે રવિવારે અમરેલી સ્થિત મેડિકલ કોલેજના ઓડિટોરીયમ હોલ ખાતેથી તાલુકા કક્ષાના સાંસ્કૃતિક સ્પર્ધા તેમજ નૂતન હાઈસ્કુલના પ્રાંગણ ખાતે ખેલ સ્પર્ધાનો એન.સી.યુ.આઈ., ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં થયો હતો. અમરેલી સ્થિત નૂતન હાઈસ્કુલના પ્રાંગણમાં ટોસ ઉછાળી અને કબડ્ડી ખેલ સ્પર્ધાનો પ્રારંભ કરાવવામાં હતો, ભાતીગળ રાસની પ્રસ્તુતિ સાથે સાંસ્કૃતિક સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે પ્રેરક ઉદ્‌બોધન કરતા શ્રી દિલીપભાઈ સંઘાણીએ કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ખેલાડીઓ અને કલાકારોની પ્રતિભા બહાર લાવવા માટે અને તેમને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે તમામ સાંસદશ્રીઓને આ સ્પર્ધા યોજવા માટે સૂચન કર્યુ હતુ. જેના અંતર્ગત રાજ્યસભાના સાંસદશ્રી અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી અને અમરેલી જિલ્લાના વતની શ્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા અમરેલી જિલ્લામાં આ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

## કેન્દ્ર તથા રાજ્ય સરકારની યોજનાઓના લાભાર્થીઓને હાથો હાથ લાભ વિતરીત કરાયા

# મોણીયા અને વિરપુર ગામોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનો ઉમળકાભેર સ્વાગત

। (પ્રતિનિધી) જૂનાગઢ, તા.૨૩ ।

વિસાવદર તાલુકાના મોણીયા અને વિરપુર ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત કેન્દ્ર સરકારની યોજનાઓની ગ્રામજનોને જાણકારી આપવાની સાથે લાભાર્થીઓને પ્રમાણપત્ર, સહાય વિતરણ કરવામાં આવી હતી. આ ઉપરાંત મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલ વિવિધ સહાયની સાફલ્ય ગાથા રજૂ કરી હતી. તેમજ મહાનુભાવોના વરદહસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત નાગરિકોના આરોગ્યની તપાસણી તથા શાળાનાં છાત્રો દ્વારા સાંસ્કૃતિક કૃતિ દ્વારા પર્યાવરણને બચાવવાનો સુંદર સંદેશ આપતો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યું હતું.



વિકસીત ભારત રથ મોણીયા પ્રા શાળા પરીસરમાં આવી પહોંચતા સાંસદ સદસ્ય શ્રી રાજેશભાઈ ચુડાસમાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ છેવાડાનાં અંત્યોદય પરિવારોનાં આર્થિક અને ઉન્નમુલન માટે કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. આ યાત્રાની સાથે વર્ષ ૨૦૪૭માં આઝાદીના ૧૦૦ પૂર્ણ થાય ત્યાં સુધીમાં સમગ્ર દેશને "વિકસિત ભારત" તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો આજના દિવસે ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂ એવું ધન કમાઈ શકશો. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમય પત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

## આઈસીસીએ ત્રણેય ફોર્મેટ માટે ટીમ ઓફ ધ યર જાહેર કરી

। (એજન્સી) દુબઈ, તા.૨૩ ।

આઈસીસીએ તેની ત્રણેય ફોર્મેટ માટે આઈસીસી ટીમ ઓફ ધ યર ૨૦૨૩ જાહેર કરી દીધી છે. આ ત્રણેય ફોર્મેટમાં ભારતના કુલ ૧૨ ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઝિમ્બાબ્વે, યુગાન્ડા અને આયરલેન્ડના ખેલાડીઓને પણ આઈસીસી ટીમ ઓફ ધ યર ૨૦૨૩ના ઓછામાં ઓછા એક ફોર્મેટની ટીમમાં સ્થાન મળ્યું છે, પરંતુ બાંગ્લાદેશ અને પાકિસ્તાનના એક પણ ખેલાડીને ત્રણેય ફોર્મેટમાંથી એક પણ ફોર્મેટમાં સ્થાન મળ્યું નથી.

ભારત તરફથી રવિન્દ્ર જાડેજા અને રવિચંદ્રન અશ્વિન ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ થયા છે. આ સાથે રોહિત શર્માને વનડે ટીમ ઓફ ધ યરનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આઈસીસી વનડે ટીમ ઓફ ધ યરમાં રોહિત શર્મા ઉપરાંત વિરાટ કોહલી, શુભમન ગિલ, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવને પણ સામેલ કરવામાં આવ્યા છે.

આઈસીસી ટી૨૦આઈ ટીમ ઓફ ધ યરમાં યશસ્વી જયસ્વાલ, સૂર્યકુમાર યાદવ, રવિ બિશ્નોઈ અને અર્શદીપ સિંહને સામેલ કરવામાં આવ્યા છે. આ ટીમના કેપ્ટન તરીકે સૂર્યકુમાર યાદવની પસંદગી કરવામાં આવી હતી. ટી૨૦આઈ ટીમમાં આયરલેન્ડના માર્ક અડાયરને પણ સામેલ કરવામાં આવ્યો છે. ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ ચૂકેલા સ્ટુઅર્ટ બ્રોડને પણ ટીમમાં તક આપવામાં આવી છે. ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસન અને શ્રીલંકાના સ્ટાર બેટ્સમેન દિમુથ કરુણારત્નેની પણ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ઈંગ્લેન્ડના જો રૂટને પણ ગત વર્ષે તેના શાનદાર પ્રદર્શનનું ઈનામ મળ્યું છે. તે ટીમની ટેસ્ટ ટીમ ઓફ ધ યરનો ભાગ બનવામાં સફળ રહ્યો છે.

# ભારત સામેની ૫ મેચોની ટેસ્ટ શ્રેણી પહેલા ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમને વધુ એક આંચકો લાગ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત સામેની પાંચ મેચોની ટેસ્ટ શ્રેણી પહેલા ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમને વધુ એક આંચકો લાગ્યો છે. રવિવારે સમાચાર આવ્યા કે હેરી બ્રુક ટીમમાં નથી કારણ કે તે અંગત કારણોસર સ્વદેશ પરત ફર્યો છે. આ પછી ઈંગ્લેન્ડ માટે વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. ભારત પ્રવાસ માટે ટીમમાં સામેલ યુવા સ્પિનર શોએબ બશીર વિઝા ન મળવાને કારણે યુએઈમાં જ રોકાઈ ગયો છે. ઈંગ્લેન્ડની ટીમ રવિવારે હૈદરાબાદ પહોંચી ગઈ છે પરંતુ બશીર આ ટીમ સાથે નથી. બશીર સમરસેટ માટે રમે છે. તેનો જન્મ પણ ઈંગ્લેન્ડમાં થયો હતો પરંતુ તેના માતા-પિતા પાકિસ્તાનના છે. બશીર ઓફ સ્પિન બોલર છે અને જ્યારે ભારત પ્રવાસ માટે ઈંગ્લેન્ડની ટીમમાં તેની પસંદગી કરવામાં આવી ત્યારે બધાને આશ્ચર્ય થયું હતું. પરંતુ ટીમ મેનેજમેન્ટે યુએઈમાં આયોજિત કેમ્પમાં તેની બોલિંગ જોઈ હતી, જેને જોઈને ટેસ્ટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સ અને કોચ બ્રેન્ડન મેક્કુલમ ખૂબ પ્રભાવિત થયા હતા. ક્રિકબઝના અહેવાલ મુજબ, મેક્કુલમે આશા વ્યક્ત કરી છે કે બશીર આવતીકાલે એટલે કે મંગળવારે ટીમ સાથે જોડાઈ શકે છે. મેક્કુલમે કહ્યું કે તે વિઝાને લઈને કેટલીક સમસ્યાનો સામનો કરી રહ્યો છે અને તેથી જ તે ટીમ સાથે આવી શક્યો નથી. જો કે, મેક્કુલમે આશા વ્યક્ત કરી છે કે BCCI અને ભારત સરકાર આ મામલાને જલ્દી ઉકેલશે. કોચે આશા વ્યક્ત કરી છે કે બશીર હૈદરાબાદમાં ૨૫ જાન્યુઆરીથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ મેચમાં ઉપલબ્ધ રહેશે. ઈંગ્લેન્ડની ટીમે ભારત આવતા પહેલા અબુધાબીમાં પડાવ નાખ્યો હતો અને ત્યાંથી ટીમ સીધી હૈદરાબાદ આવી છે. મેક્કુલમે કહ્યું છે કે કેટલીકવાર વસ્તુઓ બનવામાં થોડો સમય લાગે છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિ જે કરી શકે તે કરી રહ્યો છે. તેમણે કહ્યું કે આ એક એવી પ્રક્રિયા છે જેમાંથી દરેકને પસાર થવું પડી શકે છે. મેક્કુલમે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તે બશીર મુદ્દાને ઉકેલવાની ખૂબ નજીક છે. તેણે કહ્યું કે બશીર ત્યાં એકલો નથી અને ત્યાં તેની મદદ કરવા માટે લોકો પણ છે.

## ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરે પણ રામ મંદિરને લઈને પોતાની ખુશી વ્યક્ત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

૨૨ જાન્યુઆરી, સોમવારના રોજ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ક્રિકેટ જગતની હસ્તીઓ પણ હાજર રહી હતી. જે ક્રિકેટરો હાજર ન રહી શક્યા તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી શુભકામના પાઠવી હતી. ઓસ્ટ્રેલિયાના આક્રમક બેટ્સમેન ડેવિડ વોર્નરે પણ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી પોતાની ભાવના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં વર્તમાન ટીમના સ્ટાર ગુજ્જુ ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા તેમના પત્ની સાથે અયોધ્યા પહોંચ્યા હતા. આ સિવાય ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર અને કોચ અનિલ કુંબલે અને વેંકટેશ પ્રસાદ અયોધ્યામાં હાજર રહ્યા હતા. તાજેતરમાં જ ટેસ્ટ અને ODI ક્રિકેટમાંથી નિવૃત્ત થયેલા ઓસ્ટ્રેલિયાના



ડાબોડી બેટ્સમેન ડેવિડ વોર્નરે રામ મંદિરને લઈને એક પોસ્ટ કરી છે. ભગવાન રામનો ફોટો પોસ્ટ કરતા તેણે લખ્યું, 'જય શ્રી રામ ઈન્ડિયા.' ભારત વોર્નરના દિલની ખૂબ નજીક છે. તે સતત ભારતીય ફિલ્મો વિશે પોસ્ટ કરે છે અને ઈન્સ્ટાગ્રામ પર વીડિયો અપલોડ કરે છે. વોર્નર પહેલાં, દક્ષિણ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજે રવિવારે તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. જેમાં તેણે રામ મંદિરને લઈને દક્ષિણ આફ્રિકામાં હાલના ભારતીય સમુદાયને અભિનંદન આપ્યા હતા.

### ૨૫ જાન્યુઆરીથી ભારત-ઈંગ્લેન્ડ પ્રથમ ટેસ્ટ

# ઈંગ્લેન્ડ સામે પ્રથમ બે ટેસ્ટ માટે પાંચ ખેલાડી ફેવરિટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૫ જાન્યુઆરીથી ૫ મેચની ટેસ્ટ સીરિઝ શરુ થવા જઈ રહી છે. પરંતુ આ સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. વિરાટ કોહલીએ આ સીરિઝની પ્રથમ બે મેચથી નામ પાછું ખેંચી લીધું છે. બીસીસીઆઈએ આ વિશે માહિતી આપતા જણાવ્યું કે કોહલીએ અંગત કારણોસર બ્રેક લીધો છે. જો કે હજુ સુધી બીસીસીઆઈએ કોહલીના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી. પરંતુ કોહલીની જગ્યા લેવા માટે ૫ સ્ટાર ખેલાડીઓ દાવેદાર તરીકે દેખાઈ રહ્યા છે. મધ્યપ્રદેશ માટે રમતા ડોમેસ્ટિક ક્રિકેટમાં ધૂમ મચાવનાર રજત પાટીદાર કોહલીની જગ્યા લઈ શકે છે. તેણે અત્યાર સુધી ૫૫ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૪૫.૯૭ની એવરેજથી ૪,૦૦૦ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૧૨ સદી અને ૨૨ ફિફ્ટી ફટકારી છે. પાટીદાર ભારત-એટીમનો ભાગ છે. હાલમાં જ તેણે ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૧૫૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી.

૨૬ વર્ષીય સ્ટાર ખેલાડી સરફરાઝ ખાન હાલ શાનદાર ફોર્મમાં છે. તેણે વર્ષ ૨૦૨૦થી ડોમેસ્ટિક સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. મુંબઈ માટે રમતા તેણે ૪૪ મેચોમાં ૬૮.૨૦ની એવરેજથી ૩,૭૫૧ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૧૩ સદી અને ૧૧ ફિફ્ટી પણ ફટકારી હતી. સરફરાઝ સતત ભારત-એટીમનો ભાગ રહ્યો છે. તેણે હાલમાં જ ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૫૫ અને ૯૬ રનની ઈનિંગ રમી હતી.

ચેતેશ્વર પુજારા પણ ભારતીય ટીમમાં વાપસીની રાહ જોઈ રહ્યો છે. કોહલીના બહાર થવાથી પુજારાને તક આપવામાં આવી શકે છે. તેણે છેલ્લી મેચ જૂન, ૨૦૨૩માં ડબલ્યુટીસીફાઈનલ રમી હતી. પુજારાએ રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર માટે ૪૩,૬૬, ૪૯, ૪૩ અને અણનમ ૨૪૩ રનની ઈનિંગ રમી હતી.

અભિમન્યુ ઈશ્વરન ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓમાંનો એક છે, જે બંગાળ માટે રન-મશીન રહ્યો છે. તેણે ૧૪૪ ઈનિંગ્સમાં ૬,૩૧૪ રન બનાવ્યા છે. જેમાં ૨૧ સદી અને ૨૬ ફિફ્ટી સામેલ છે. તેની બાંગ્લાદેશ સામેની પ્રથમ બે મેચની ટેસ્ટ સીરિઝ માટે પણ પસંદગી કરવામાં આવી હતી. અભિમન્યુ ૩ નંબર પર બેટિંગ કરી શકે છે. તે ભારત-એટીમનો પણ ભાગ છે. ૨૬ વર્ષીય રિંકુ સિંહે મર્યાદિત ઓવરના ફોર્મેટમાં ફિનિશર તરીકે ભારતીય ટીમમાં પોતાનું સ્થાન લગભગ નિશ્ચિત કરી દીધું છે. સીમિત ઓવરોની ડોમેસ્ટિક ક્રિકેટ સિવાય રિંકુએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પણ કમાલ કરી છે.

## રિંકુ સિંહની ઈંગ્લેન્ડ લાયન્સ સામેની ટેસ્ટ ટીમમાં પસંદગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

આજે સવારે બીસીસીઆઈએ એક મોટી જાહેરાત કરી છે. પુરુષ પસંદગી સમિતિએ રિંકુ સિંહને ભારત-એટીમમાં સામેલ કર્યો છે. હવે રિંકુ સિંહ ઈંગ્લેન્ડ લાયન્સ સામે રમાનાર ચાર દિવસીય ટેસ્ટ મેચ રમતો જોવા મળશે. ત્રીજી મેચ માટે તેને પહેલા જ પસંદ કરવામાં આવ્યો હતો. રિંકુ સિંહ માટે



ટેસ્ટ ટીમમાં સામેલ થવાનો આ એક રીતે રોડમેપ છે, કારણ કે તેણે મર્યાદિત ઓવરોમાં ભારતીય ટીમ માટે સારું પ્રદર્શન કર્યું છે અને રણજી ટ્રોફીની આ સિઝનમાં તેની ટીમ માટે કેટલીક શાનદાર ઈનિંગ્સ રમી છે. આ મેચ આવતીકાલથી અમદાવાદમાં ભારત-એઅને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચે રમાશે. વિરાટ કોહલી ૨૫ જાન્યુઆરીથી શરુ થનાર ૫ મેચની ટેસ્ટ સીરિઝની પ્રથમ બે મેચથી બહાર થઈ ગયો છે. અંગત કારણોને ટાંકીને તેણે પ્રથમ બે મેચથી પોતાનું નામ પાછું ખેંચવાનો નિર્ણય કર્યો હતો.

# બ્રેટ લીના કોન્સર્ટમાં મેક્સવેલે ખૂબ દારૂ ઢિંચતા બિમાર પડ્યો

### બ્રેટ લીનું સિક્સ એન્ડ આઉટ નામનું મ્યૂઝિક બેન્ડ છ અને એની સાથે જોડાયેલા કોન્સર્ટમાં મેક્સવેલ પોતાને કન્ટ્રોલમાં ન રાખી શક્યા

। (એજન્સી) મેલબર્ન, તા.૨૩ ।

ઑસ્ટ્રેલિયન ક્રિકેટરો સિરીઝ પછી દારૂની પાર્ટી કરવા માટે જાણીતા છે. ગયા વર્ષે ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝ પછી તેમણે દારૂનો જલસો માણ્યો હતો. મિચલ માર્શે તો નવેમ્બરમાં અમદાવાદમાં કમાલ જ કરી નાખી હતી. વન-ડે વર્લ્ડ કપમાં ભારત સામેની ફાઇનલ પછી તેણે ખૂબ દારૂ પીધો હતો અને નશાચૂર હાલતમાં એક હાથમાં ગ્લાસ પકડીને વર્લ્ડ કપની ટ્રૉફી પર પગ રાખીને બેસી ગયો હતો.

ગ્લેન મૅક્સવેલ પણ કંઈ વખાણવા જેવો નથી. ગયા અઠવાડિયે ઍડિલેઇડમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટ પછી તે એક લેટ-નાઇટ પાર્ટીમાં ગયો હતો જ્યાં ખૂબ દારૂ પીધો અને પછી બીમાર પડી ગયો હતો. નવાઈની વાત એ છે કે એ પાર્ટી તેના જ દેશના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર બ્રેટ લીનાં કૉન્સર્ટને લગતી હતી. બ્રેટ લીનું લ્સિક્સ ઍન્ડ આઉટ' નામનું મ્યૂઝિક બૅન્ડ છ અને એની સાથે જોડાયેલા કૉન્સર્ટમાં મૅક્સવેલ પોતાને કન્ટ્રોલમાં ન રાખી શક્યો અને એટલો બધો દારૂ પીધો કે ઍમ્બ્યૂલન્સ બોલાવવી પડી અને તેણે સીધા હૉસ્પિટલ ભેગા થઈ






જવું પડ્યું હતું. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડ મૅક્સવેલની આ ઘટનાથી બરાબર વાકેફ છે અને ઘટના વિશે તપાસ કરી રહ્યું છે. એક અહેવાલ મુજબ મૅક્સવેલ ઍડિલેઇડમાં કોઈ ક્રિકેટ સંબંધિત વિઝિટ પર નહોતો, પણ એક સેલિબ્રિટી ગૉલ્ફની ઈવેન્ટના કારણસર આ શહેરમાં ગયો હતો અને પાર્ટી-શાર્ટી તેને ભારે પડી ગઈ.મૅક્સવેલે ગયા અઠવાડિયે બિગ બૅશ લીગની મેલબર્ન સ્ટાર્સ ટીમની કૅપ્ટન્સી છોડી દીધી હતી. ફરી એકવાર આ ટીમ ટ્રૉફી માટેની રેસમાંથી બહાર ફેંકાઈ ગઈ એના ગમમાં મૅક્સવેલે આટલો બધો દારૂ પીધો હતો કે શું? એવું સોશિયલ મીડિયામાંના તેના કેટલાક ચાહકોને લાગી રહ્યું છે. બીજું, બીજી ફેબ્રુઆરીએ ઘરઆંગણે વેસ્ટ ઇન્ડિઝ સામે ત્રણ મૅચની જે વન-ડે શ્રેણી શરૂ થવાની છે એ માટેની ૧૩ ખેલાડીઓની ઑસ્ટ્રેલિયન ટીમમાં પણ મૅક્સવેલનું નામ નથી.

**વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪નું શેડ્યૂલ જાહેર**

# ડબલ્યુપીએલની ફાઈનલ મેચ દિલ્હીમાં રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

બીસીસીઆઈએ વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૪ (ડબલ્યુપીએલ ૨૦૨૪)નું શેડ્યૂલ જાહેર કરી દીધું છે. આ ટુર્નામેન્ટ ૨૩ ફેબ્રુઆરીથી ૧૭ માર્ચ સુધી રમાશે. ગયા વર્ષની જેમ કુલ પાંચ ટીમો ૨૨ મેચ રમશે. જો કે આ વખતે મોટો ફેરફાર જોવા મળ્યો છે. ગયા વર્ષે આ લીગ મુંબઈ અને નવી મુંબઈના બે સ્ટેડિયમમાં રમાઈ હતી. જો કે, આ વખતે આ લીગની યજમાની મુંબઈને બદલે બેંગલુરુ અને દિલ્હીને આપવામાં આવી છે.

બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ અને દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમને ૧૧-૧૧ મેચની યજમાની મળી છે. ટુર્નામેન્ટની શરૂઆત ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે બેંગલુરુમાં થશે. આ વિમેન્સ પ્રીમિયર લીગની બીજી આવૃત્તિ છે. મુંબઈ ઈન્ડિયન્સની ટીમે હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળ ગયા વર્ષે મેગ લેનિંગની કેપ્ટન્સીવાળી દિલ્હી કેપિટલ્સને હરાવી હતી.

ટૂર્નામેન્ટની પ્રથમ ૧૧ મેચ બેંગલુરુમાં રમાશે. આ પછી પાંચેય ટીમો દિલ્હી આવશે, જ્યાં એલિમિનેટર



સહિતની ફાઈનલ મેચ રમાશે. લીગ રાઉન્ડમાં ૨૦ મેચો રમાશે અને ત્યારબાદ એલિમિનેટર અને ફાઈનલ મેચ રમાશે. લીગ રાઉન્ડમાં ટોપ પર રહેનારી ટીમ સીધી ફાઈનલમાં પ્રવેશ કરશે. જ્યારે, બીજા અને ત્રીજા સ્થાને રહેલી ટીમો એલિમિનેટર રમશે. ૨૪ દિવસ સુધી ચાલનારી આ ટુર્નામેન્ટમાં એક પણ ડબલ હેડર મેચ રમાશે નહીં. દરરોજ એક જ મેચ થશે. એલિમિનેટર ૧૫ માર્ચે અને ફાઈનલ ૧૭ માર્ચે દિલ્હીમાં રમાશે.

**વિશેષ** વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરતા બાળકોની વિશિષ્ટ ઉપલબ્ધિઓને આ પુરસ્કાર થકી બિરદાવવામાં આવે છે

# વડોદરાની ૭૫ ટકા સેરેબ્રલ પાલ્સી જેવા ગંભીર રોગથી પીડિત હેત્વી ખીમસુરીયાને નવી દિલ્હી ખાતે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત

## શારીરિક-માનસિક અક્ષમતા હોવા છતાં હેત્વીએ આત્મવિશ્વાસ થકી ફ્રી હેન્ડ પેઇન્ટિંગ અને પઝલ સોલ્વિંગમાં મહારથ મેળવી છે

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના વરદ્‌હસ્તે વડોદરાની હેત્વી ખીમસુરીયાને નવી દિલ્હી ખાતે 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરતા બાળકોની વિશિષ્ટ ઉપલબ્ધિઓને આ પુરસ્કાર થકી બિરદાવવામાં આવે છે. હેતવીએ સેરેબ્રલ પાલ્સી જેવા ગંભીર રોગના કારણે શારીરિક-માનસિક અક્ષમતા હોવા છતાં આત્મવિશ્વાસ થકી ફ્રી હેન્ડ પેઈન્ટિંગ અને પઝલ સોલ્વિંગમાં મહારથ મેળવી છે. આ ઉપરાંત, પોતાને મળતા માસિક વિકલાંગતા પેન્શનનું મનોદિવ્યાંગ બાળકો માટે દાન કરે છે તેમજ 'સ્પેશિયલ ચાઈલ્ડ એજ્યુકેશન એક્ટિવિટી હેતવી ખીમસૂરીયા' નામની યુટ્યુબ ચેનલ પણ ચલાવે છે. અક્ષમતાને સક્ષમતા બનાવી રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કરનાર આ દીકરી પર વડોદરા સહિત ગુજરાતને ગર્વ છે. વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત



સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળા ધો. ૮માં અભ્યાસ કરતી ૧૨ વર્ષની હેત્વી કાન્તીભાઇ ખીમસુરિયા જે અસંખ્ય કષ્ટો વેઠીને પોતાની કળા થકી ગુજરાતનું ગૌરવ બની છે. ૭૫ ટકા સેરેબ્રલ પાલ્સી જેવા ગંભીર રોગથી પીડિત હેત્વી બોલવા અને ચાલવામા અસમર્થ છે. આ અગાઉ આ દીકરીએ ગુજરાત બુક ઓફ રેકોર્ડ ૨૦૨૩માં ફ્રી હેંડ પેઈન્ટિંગ, ક્રાફટ અને પઝલ ઉકેલીને ગુજરાતની પ્રથમ દિવ્યાંગ દીકરી તરીકે નામ અંકીત કર્યું હતું. ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ ૨૦૨૩માં કલાના ક્ષેત્રમાં મહતમ પ્રમાણપત્રો મેળવ્યા બાદ બ્રેવો ઈન્ટરનેશનલ વર્લ્ડ રેકોર્ડ ૨૦૨૩માં "વિશ્વની પ્રથમ અસાધારણ કૌશલ્યો ધરાવનાર સી. પી ગર્લ"(ફ્રી હેંડ પેઈન્ટિંગ, ક્રાફટ અને પઝલ સામન્ય જ્ઞાન જાણકાર) તરીકે નામ અંકિત કર્યું હતું. લંડન બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ ૨૦૨૩ માં ૧૦૦ શૈક્ષિણક પઝલ ઉકેલનાર વિશ્વની પ્રથમ સી. પી ગર્લ તરીકે, વડોદરા જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ દિવ્યાંગ દીકરી તરીકે "પ્રશસ્તિ પત્ર" મેળનાર પ્રથમ મનોદિવ્યાંગે ગુજરાતનાં આરોગ્ય મંત્રીનાં હસ્તે સન્માન મેળવ્યું હતું. ૭૫ ટકા દિવ્યાંગતા હોવા છતાં ૧૧૦ જેટલાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે. વધુમાં પોતાની કળા થકી માત્ર ૧૨ વર્ષની ઉંમરમાં ગુજરાતના રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રી, રમત ગમત તેમજ ગૃહમંત્રીશ્રીના હસ્તે સન્માન પ્રાપ્ત કર્યુ છે. હેત્વી પોતાની એક યુ-ટ્યુબ ચેનલની માલિકી ધરાવે છે:- "Special Child Education Activity Havi Khimsuriya" નામની ચેનલમાં કલાના વીડિયો અપલોડ કરીને ગુજરાતની ૩૦ જેટલી શાળાઓમાં તેનાં વીડિયો બતાવીને બાળકોને કલા તરફ વળ્યા છે. ભારતની ૫૦ જેટલી આર્ટ ગેલેરીમાં તેનાં ચિત્ર, ક્રાફટ પ્રદર્શન કરી ચૂકી છે. માતા-પિતાનું એક માત્ર દિવ્યાંગ સંતાન છે. તેના પિતા કાંતિભાઈ વડોદરાના દિવ્યાંગ બાળકો તેમજ અનાથ બાળકો માટે વિશેષ કાર્ય કરી રહ્યાં છે. માતાએ પણ પોતાની દિવ્યાંગ દીકરી માટે પોતાની સરકારી નોકરી છોડી દીધી. કારણ કે હેત્વી ૫ વર્ષે બેસતાં ૬ વર્ષે વસ્તુ પકડતાં શીખી હતી.

હેત્વી ભારત સહિત વિશ્વનાં મનોદિવ્યાંગ બાળકો, દિવ્યાંગ બાળકો અને સામાન્ય બાળકોની પ્રેરણા સ્ત્રોત બની રહી છે. સો સો સલામ હેત્વીને.



ગાંધીનગર મધ્યસ્થ કાર્યાલયનુ ઓપનિંગ કરવામાં આવ્યું હતું જેમા જે પી નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### તલોદમાં વેપારીના ઘરમાં ધોળા દહાડે તસ્કરો ત્રાટક્યા

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૩ ।

સાબરકાંઠા જિલ્લામાં ઠંડીના ચમકારા સાથે જ ચોરીની ઘટનાઓમાં વધારો નોંધાયો છે. આ દરમિયાન હાલમાં રામ મંદિર મહોત્સવને લઈ પોલીસ સતર્ક હોવા વચ્ચે જ તસ્કરોએ હાથ ફેરાની ઘટનાઓ અજમાવી હોવાનું સામે આવી રહ્યુ છે. હિંમતનગરમાં વેપારી અને ચાર્ટડ એકાઉન્ટના ઘરે તસ્કરો ત્રાટકવાની ઘટના બાદ હવે તલોદમાં વેપારીના ઘરે તસ્કરોએ હાથ ફેરો કર્યો છે. તલોદમાં જોકે તસ્કરોએ ધોળે દિવસે જ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. તસ્કરોએ સવારથી બપોરના અરસા દરમિયાન ઘરમાંથી ચોરી આચરી હોવાની ફરિયાદ તલોદ પોલીસ મથકે નોંધાઈ છે.

### ભાંડુત ગ્રામ પંચાયતના તલાટી લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ભાંડુત ગ્રામ પંચાયતના તલાટીએ મકાનનાવેરા બિલમાં નામ ટ્રાન્સફર કરવાના અવેજ પેટે લાંચની માંગણી કરતા ACB એ છટકુ ગીઠવી લાંચિયા તલાટીને રંગેહાથ ઝડપી લીધા છે. તલાટી સામે લાંચ રુશ્વત ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ભાંડુત ગ્રામ પંચાયતના તલાટીએ મકાનનાવેરા બિલમાં નામ ટ્રાન્સફર કરવાના અવેજ પેટે લાંચની માંગણી કરતા ACB એ છટકુ ગીઠવી લાંચિયા તલાટીને રંગેહાથ ઝડપી લીધા છે.

### ઉત્તર ગુજરાતમાં વધુ એક ઝટકો કોંગ્રેસને

# કોંગ્રેસના ધારાસભ્ય પદના પૂર્વ ઉમેદવાર ડો. વિપુલ પટેલ કેસરીયા ધારણ કરશે

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૩ ।

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે. આ પહેલા કોંગ્રેસને વધુ એક ઝટકો ઉત્તર ગુજરાતમાંથી મળી રહ્યો છે. કોંગ્રેસના અગ્રણી યુવા નેતા હવે કોંગ્રેસને રામ રામ કરીને કેસરીયા ધારણ કરી રહ્યા છે. ડો વિપુલ પટેલ હાલમાં સાબરડેરીમાં ડીરેક્ટર છે અને તેઓ વર્ષ ૨૦૧૪માં હિંમતનગર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર રહ્યા હતા. કોંગ્રેસને આમ પણ હાલમાં જ વિજાપુરના ધારાસભ્ય સીજે ચાવડાએ રાજીનામું ધરી દેતા ઝટકો લાગ્યો છે. ત્યાં તુરત જ હવે બીજો મોટો ઝટકો લાગી શકે છે. સીજે ચાવડા ક્ષત્રિય સમાજમાંથી આવે છે, જ્યારે ડો વિપુલ પટેલ પાટીદાર સમાજમાંથી આવતો જાણીતો ચહેરો છે. આમ સામાજીક સમીકરણની રીતે ઉત્તર ગુજરાતમાં મોટો ફટકો કોંગ્રેસને સર્જાઈ રહ્યો છે. કોંગ્રેસી નેતા વિપુલ પટેલનો સહકારી રાજકારણમાં પણ ડંકો છે. તેઓ સળંગ ચાર ટર્મથી સાબરડેરીમાં ડીરેક્ટર પદ પર ચૂંટણી જીતી ચૂક્યા છે. વિપુલ પ ટેલ સહકારી માળખામાં ડેમેજ કંટ્રોલર તરીકે જાણીતા છે અને જેને લઈ તેઓ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મહત્વના સહકારી રાજકારણી તરીકે ગણના થાય છે. આમ હવે વિપુલ પટેલ ભાજપમાં જોડાતા સહકારી માળખા અને લોકસભાની બેઠકને લઈ મહત્વનું સમીકરણ સાબિત થઈ શકે છે. ડો પટેલે વિધાનસભાની ૨૦૧૪ની પેટા ચૂંટણીમાં હિંમતનગર બેઠક પર ભાજપના ઉમેદવાર સામે નજીવા માર્જીનથી હાર સહન કરી હતી. જોકે આ ચૂંટણીએ જ તેમનું કદ વધારી દીધુ હતુ. ભાજપ તરફી લહેર સમયે પેટા ચૂંટણીમાં જબરદસ્ત લડત આપી હતી. જેને લઈ ભાજપની નજર આ યુવા નેતા પર ઠરેલી હતી.

### એસઆરપી-૨ ક્વાટર્સમાં તેણે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

# અમદાવાદના નરોડામાં મહિલા પોલીસકર્મીએ આપઘાત કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદના નરોડામાં મહિલા પોલીસકર્મીએ આપઘાત કર્યો છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા પોલીસકર્મી આરતીબેને આપઘાત કર્યો છે. એસઆરપી-૨ ક્વાટર્સમાં તેણે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મહિલા પોલીસકર્મીએ પારિવારિક ઝઘડામાં આપઘાત કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. અમદાવાદ શહેરના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજવાતી મહિલા પોલીસકર્મી આરતીબેન આપઘાત કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે. Srp 2 કવાટર્સમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો છે. પ્રાથમિક માહિતી પ્રમાણે મહિલા પોલીસ કર્મીએ પારિવારિક ઝઘડામાં આપઘાત કર્યો હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું છે. નરોડા પોલીસે અકસ્માતે મોત નોંધીને ઝીણવટપૂર્વક તપાસ શરૂ કરી છે. મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા પહેલા કોઈ સ્યુસાઈડ નોટ લખી છે કે નહીં તેની પણ તપાસ હાથ ધરવામાં આવશે. થોડા સમય પહેલા પણ શહેરના એક પોલીસ કર્મચારીએ આપઘાત કર્યાનો બનાવ સામે આવ્યો હતો. શહેરના વસ્ત્રાપુર રેલવે ક્રોસિંગ પાસેની કૃષ્ણનગર સોસાયટીમાં ગત તા. ૯.૧૦.૨૦૨૩ના રોજ એન ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂકેલા કોન્સ્ટેબલ હિતેષ આલે આપઘાત કર્યો હતો. મૃતક હિતેષભાઈ આલને એસજી-૨ ટ્રાફિક પો. સ્ટેશનમાં ફરજ બજાવતી રીંકલ અમરતભાઈ સાથે પ્રેમ સંબંધ હતો. ત્રણેક વર્ષમાં રીંકલે પ્રેમ સંબંધ કેળવી અન્ય લોકો સાથે સંબંધો બાંધ્યા હોવાથી હિતેષભાઈએ તેની સાથે સંબંધો પૂરા કરી નાખ્યા હતા.

# કડાણા તેમજ દિવડા કોલોની ખાતે રામલલાની શોભાયાત્રા

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૩ ।

અયોધ્યા રામમંદિરમાં રામલલા ની પ્રાણ પ્રતિસ્થા નિમિત્તે કડાણા તાલુકાના કડાણા ગામે રામજી મંદિરથી નાના ભૂલકાઓ દ્વારાં રામ, સીતા,લક્ષ્મણ,અને હનુમાનજીનો વેશ ધારણ કરી શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં યુવાનો, વડીલો તેમજ ગામના અનેક ભાવિકજનો જોડાયા હતા. બપોરે બે વાગ્યે ગામમાંથી શોભાયાત્રા નીકળી દિવડા કોલોની વસાહત થઈ પરત કડાણા ગામે આવેલ હતી ખુબજ મોટી સંખ્યામાં હાજરી જોવા મળતી હતી. સાંજે સાત વાગે મહા આરતીનું આયોજન મંદિરે રાખવામાં આવ્યું હતુ તેમજ આખું ગામ દીવડાઓ થી જગમગી ઉઠ્યું હતું રામલલા ના જય ઘોષ સાથે સૌએ ધન્યતા અનુભવી હતી મહા પ્રસાદીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું ઉપરાંત સાંજે આઠ કલાકે હનુમાનજી મંદિરે શ્રી માનવેન્દ્રભાઈ એ.જોષી દ્વારા સુંદરકાંડ નું પઠન કરવામાં આવ્યું હતું.




તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

### પુરવઠા વિભાગે દરોડા પાડી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો

# પંચમહાલ જિલ્લામાં ઉજ્જવલા યોજનાના નામે કૌભાંડ ઝડપાયું

। (એજન્સી) પંચમહાલ, તા.૨૩ ।

પંચમહાલ જિલ્લામાં ઉજ્જવલા યોજનાના નામે કૌભાંડ ઝડપાયું હતું. મળતી જાણકારી અનુસાર, વાડોદરની મહાકાલ ગેસ એજન્સીમાંથી ઉજ્જવલા યોજનાના નામે ચાલતા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ગેસ કનેક્શન ફીટ કરવા લાભાર્થી પાસે રોકડ રકમ વસૂલવામાં આવતી હતી. એક ગેસ કનેક્શન ફીટ કરવાના ૫૦૦થી ૬૦૦ રૂપિયા વસૂલવામાં આવતા હતા. જિલ્લા પુરવઠા વિભાગે દરોડા પાડી સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. પુરવઠા વિભાગે ૫૦થી વધુ લાભાર્થીઓ સાથે વાત કરી હતી. વિભાગની તપાસમાં ૩૪૭ સિલિન્ડરની ઘટનો પર્દાફાશ થયો હતો. રિફિલિંગ માટે વધારાની રકમ વસૂલવામાં આવતી હતી. ગેસ એજન્સીએ અત્યાર સુધીમાં ૪૬૫૮ ગેસ કનેક્શન આપ્યાનો ખુલાસો થયો છે. જિલ્લા પુરવઠા વિભાગે માહિતીના આધારે દરોડો પાડ્યો હતો. જિલ્લા પુરવઠા વિભાગની ટીમે અહીંથી સીધી લાભાર્થી સાથે ટેલિફોનિક વાતચીત કરી ખરાઈ કરતા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.













માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨